**તેજી હોય કે પછી મંદી,**
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી ઇકોનોમિક રેવલ્યૂશન
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

**Nirmal Metro Daily, Ahmedabad**

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

NIRMAL METRO

Thursday
10.05.2018
Year 06, Issue 118

દૈનિક

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

● વર્ષ : ૬ ● અંક : ૧૧૮ ● તા.૧૦.૦૫.૨૦૧૮ ગુરૂવાર ● વૈશાખ વદ ૧૦ ● સં. ૨૦૭૪ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

_બિઝનેસ મેગેજિન ફોર્બ્સ દ્વારા શક્તિશાળી લોકોની યાદી જારી

# વિશ્વના સૌથી શક્તિશાળી લોકોમાં ઝિનપિંગ પ્રથમ ,મોદી નવમાં ક્રમે

## રશિયન પ્રમુખ પુટિન બીજા સ્થાન ઉપર રહ્યા : છેલ્લા બે વર્ષથી મોદી નવમાં ક્રમ પર અકબંધ : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ત્રીજા સ્થાન પર ફેંકાઈ ગયા

એજન્સી દ્વારા
નવી દિલ્હી,તા. ૯

અમેરિકી બિઝનેસ મેગેઝિન ફોર્બ્સ દ્વારા વિશ્વના સૌથી શક્તિશાળી લોકોની યાદી જારી કરી દેવામાં આવી છે. આ યાદીમાં પહેલાની તુલનામાં કેટલાક ધરખમ ફેરફારો જોવા મળ્યા છે. આ યાદીમાં ચીનના પ્રમુખ શી જિનપિંગ પ્રથમ સ્થાન પર પહોંચી ગયા છે. જ્યારે રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિન બીજા સ્થાન પર રહ્યા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવમાં સ્થાન ઉપર છે. છેલ્લા બે વર્ષથી નરેન્દ્ર મોદી નવમાં ક્રમાંક પર છે. આ યાદીમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, ચીની પ્રમુખ જિંગપિંગ છે. જિંગપિંગ આ પહેલા યાદીમાં ચોથા સ્થાને હતા અને ટ્રમ્પ બીજા અને જર્મન ચાન્સલર માર્કેલ ત્રીજા સ્થાન ઉપર હતા. આ વર્ષે લિસ્ટમાં ટ્રમ્પ ત્રીજા ક્રમ ઉપર છે. જર્મન ચાન્સલર ચોથા, એમેઝોનના માલિક જૈફ બેજોસ પાંચમાં અને ટોપ ફ્રાન્સિસ છઠ્ઠા ક્રમાંક



ઉપર છે. આ લિસ્ટમાં અબજોપતિ બિલગેટ્સ સાતમાં અને સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ બિન સલમાન આઠમાં સ્થાન પર છે. લિસ્ટમાં છેલ્લા સ્થાન પર ગુગલના સહસ્થાપક લેરી પેજ છે. આ વખતે સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સનું નામ પણ ચોંકાવનારું છે. કારણ કે તેમનો સમાવેશ પ્રથમ વખત આ યાદીમાં કરવામાં આવ્યો છે. પાંચમાં સ્થાન ઉપર તેમને જગ્યા મળી છે. યાદીમાં પોપ ફ્રાન્સિસ છઠ્ઠા, બિલ ગેટ્સ સાતમાં, ફ્રાન્સના પ્રમુખ એમૈનુએલ મેક્રો ૧૨, અલીબાબાના પ્રમુખ જેકમાં ૨૧માં ક્રમાંક ઉપર છે. મોદી બાદ ફેસબુકના સીઈઓ માર્ક ઝકરબર્ગ ૧૩માં, બ્રિટનના વડાપ્રધાન ટેરિઝા મે ૧૪માં, ચીનના વડાપ્રધાન લી કિંવગ ૧૫, એપલના સીઈઓ ટીમ કૂક ૨૪માં સ્થાન ઉપર છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણી ૩૨માં ક્રમાંક ઉપર છે. આ યાદીમાં મોદી ઉપરાંત સ્થાન મેળવનાર એક માત્ર ભારતીય છે. માઈક્રોસોફ્ટના સીઈઓ ભારતીય મૂળના સત્ય નડેલા ૪૦માં સ્થાન પર છે. લિસ્ટ જારી કરતા ફોર્બ્સે કહ્યું છે કે, જમીન ઉપર ૭.૫ અબજ લોકો છે પરંતુ આ લોકો પૈકી ૭૫ પુરુષો અને મહિલાઓએ દુનિયાને બદલવાનું કામ કર્યું છે. ફોર્બ્સ દુનિયાની સૌથી શક્તિશાળી લોકોની વાર્ષિક રેંકિંગ માટે દરેક ૧૦ કરોડ લોકોમાંથી એક વ્યક્તિની પસંદગી કરે છે. જેમનું કાર્ય સૌથી મહત્વપૂર્ણ રહેલું હોય છે. ફોર્બ્સનું કહેવું છે કે, મોદી દુનિયા બીજા સૌથી વધારે વસતી ધરાવતા ભારતમાં ખુબ જ લોકપ્રિય નેતા છે. મનીલોન્ડરિંગ અને ભ્રષ્ટાચારની સામે લડવા માટે મોદી સરકારે નવેમ્બર ૨૦૧૬માં નોટબંધી જેવો કઠોર નિર્ણય કર્યો હતો. તાજેતરમાં જ મોદીએ પોતાના વિદેશી પ્રવાસ દરમિયાન ટ્રમ્પ અને જિંગપિંગની સાથે મુલાકાત કરી હતી અને વૈશ્વિક નેતાઓમાં પોતાની ઓળખ ઉભી કરી હતી. આ ઉપરાંત જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય પ્રયાસમાં પણ મુખ્યરીતે ઉભર્યા હતા. અંબાણીને લઈને ફોર્બ્સે કહ્યું છે કે, અબજોપતિ ઉદ્યોગપતિઓએ વર્ષ ૨૦૧૬માં ભારતના ખુબ જ સ્પર્ધાવાલા બજારમાં ફોરજી સેવા શરૂ કરી હતી અને કિંમતોને લઈને નવી લડાઈ છેડી દીધી હતી. આ વખતે આ યાદીમાં ૭૫ સભ્યો પૈકી ૧૭ સભ્યો નવા છે અને પ્રથમ વખત એન્ટ્રી કરી ગયા છે. ટોપટેનમાં પણ સાઉદી અરેબિયાના મોહમ્મદ બિન સલમાન આઠમાં સ્થાન ઉપર છે. ગયા વર્ષે નવેમ્બરમાં ક્રાઉન પ્રિન્સ દેશના સૌથી અમીર લોકોના વર્ગમાં આવી ગયા હતા. આ વખતે શક્તિશાળી લોકોની યાદીમાં પણ તેઓ પ્રવેશી ગયા છે. ૨૦૧૭માં જે યાદી જાહેર થઈ હતી તેમાં અમેરિકી પ્રમુખ પાછળ રહી ગયા હતા. આ વખતે પણ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ત્રીજા સ્થાને રહ્યા છે. રશિયન પ્રમુખ ૬૫ વર્ષીય વ્લાદીમીર પુટિન બીજા સ્થાન ઉપર પહોંચી ગયા છે. મોસ્ટ પાવરફુલ લોકોની યાદીમાં ફ્રાન્સના પ્રમુખ પણ સ્થાન મેળવી શક્ય છે. અમેરિકાના જેરોમ પોવેલ ૧૧માં સ્થાન પર રહ્યા છે જ્યારે વિશ્વના ટોપ ઈન્વેસ્ટર્સ વારેન બફેટ જે બર્કશાયર હેથવેના વડા છે તેઓ યાદીમાં ૧૬માં સ્થાન ઉપર છે. મેક્સિકોના કાર્લો સ્લીમ ૨૦માં સ્થાન પર રહ્યા છે. આ ક્ષેત્રમાં બિઝનેસ, જુદા જુદા દેશોના વડાઓ અને અન્ય ક્ષેત્રોમાં લોકોને આવરી લેવામાં આવ્યા છે. મોસ્ટ પાવરફુલ લોકોની યાદીમાં ફ્રાન્સના નવા પ્રમુખથી લઈને પાકિસ્તાનના આર્મી ચીફ લોકો સુધીનો સમાવેશ થાય છે. જેરોમ પોવેલ વર્લ્ડના ટોપ સેન્ટ્રલ બેંકર ફેબ્રુઆરી મહિનામાં બન્યા હતા. અલબત્ત ડોનાલ્ડ ટ્રમ્પે જેનેટ યેલેનને બીજી વખત તક આપી ન હતી ત્યારબાદ જેરોમ પોવેલ વિશ્વની સૌથી ટોપ સેન્ટ્રલ બેંકના વડા બન્યા હતા. જ્યોર્જટાઉનમાં શિક્ષણ મેળવી ચુકેલા અને પ્રોફેશનથી વકીલની આ ખુબ મોટી સફળતા છે.

### બજારની વાત

તા.૦૯.૦૫.૨૦૧૮

**ઈન્ડેક્ષ**

સેન્સેક્ષ
૩૫૩૧૯.૩૫ ૧૦૩.૦૩
(૦.૨૯%)

નિફ્ટી
૧૦૭૪૧.૭૦ ૨૩.૯૦
(૦.૨૨%)

**કોમોડીટી**

ક્રુડ
૪,૭૬૨.૦૦ ૧૩૯.૦૦
૩.૦૧%

સોનું
૩૧,૩૧૫.૦૦ ૧૦૫.૦૦
૦.૩૪%

ચાંદી
૪૦,૧૨૧.૦૦ ૩૨૪.૦૦
૦.૮૧%

નેચરલ ગેસ
૧૮૪.૨૦ ૧.૧૦ ૦.૬૦%

**ચલણી નાણું**

ડોલર / રૂપિયો
૬૭.૨૬ ૦.૧૮ ૦.૨૭%

યુરો / રૂપિયો
૭૯.૯૦ ૦.૨૭ ૦.૩૪%

પાઉન્ડ / રૂપિયો
૯૧.૪૫ ૦.૫૩ ૦.૫૯%



**સ્વિટ્ઝર્લેન્ડ એક નાનો દેશ છે પણ તેમાં સ્વિસ સરકારના સત્તાવાર અભ્યાસ મુજબં કુલ ૧,૧૧૧ મ્યુઝિયમ છે. જેમાં મૃત દેડકા સંગ્રહાલય એક વિચિત્ર પ્રવાસી આકર્ષણ છે. ૧૮૫૦ ના દાયકામાં ફ્રાક્રોઈસ પેરીઅરના મનમાં આ વિચિત્ર ખ્યાલનો જન્મ થયો. તે ભૂતપૂર્વ નેપોલિયોનિક ગાર્ડ અધિકારી હતા. તેઓ ઉભયજીવીઓ દ્વારા આકર્ષાયો, પેરીઅર તેમના દેશમાં ગયા પછી તેમણે આવા ઉભયજીવી એકત્ર કર્યા અને પછી તેમણે નાના પ્રાણીઓને 'નગરના રોજિંદા જીવનના લાક્ષણિક દ્રશ્યો' જેવા ડ્યૂઅરામાસમાં રજૂ કર્યા હતા. તેમના ફ્રોગી (દેડકાંવાળા) દ્રશ્યો અનેક રીતે રજૂ કરેલ છે, તેઓ કાર્ડ રમે છે અને સૈન્યમાં સૈનિકો તરીકે પણ છે. એક દ્રશ્યમાં બેક્રોટીંગ ટેબલની આસપાસ બેઠેલા દેડકાને બતાવે છે જ્યારે અન્ય એક (સ્ટફ્ડ, દેખીતી રીતે) ખિસકોલી સવારી કરે છે. આ મ્યુઝીયમ મૂળરૂપે ૧૯૨૭ માં ખુલ્લુ મુકવામાં આવ્યું હતું, પરંતુ થોડા વર્ષો પહેલા તેનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું હતું, ઈસ્તવેયર-લે-લાકમાં આ ખરેખર અતિવાસ્તવ સંગ્રહાલય છે જે ૧૯ મી સદીને રોજિંદા જીવનના દ્રશ્યોમાં પ્રદર્શિત ૧૦૮ સ્ટફ્ડ દેડકાઆનો સંગ્રહ રજૂ કરે છે.**

# એએસઆઈ તાજમહેલની સમસ્યા ઉકેલવા ઈચ્છતુ નથી : સુપ્રીમ કોર્ટ

એજન્સી દ્વારા ,નવીદિલ્હી,તા.૯

તાજમહલની સારસંભાળ પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યકત કરતા કહ્યું કે શું ઉધઈની પાસે પાખો છે જે ઉડી તાજમહલ પર બેસી જાય છે. હકીકતમાં એએસઆઈ અને કેન્દ્ર સરકારે દલીલ આપી છેં કે તાજમહલનું પીળુ પડવાનું કારણ કીડા અને ઉધઈ છે.

આ તર્ક પર સુપ્રીમ કોર્ટે એસસીએ એએસઆઈને પટકાર લગાવતા કહ્યું કે એએસઆઈ તાજમહલની સમસ્યા સમજવા માંગતુ નથી એએસઆઈનું આ સ્ટેન્ડ રહ્યું તો કેન્દ્ર તાજમહલની સારસંભાળ માટે બીજો વિકલ્પ શોધે. સુપ્રીમ કોર્ટે એએસઆઈ અને કેન્દ્રથી વિજન ડોકયુમેંટ પણ રજુ કરવા કહ્યું.

એએસઆઈએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તાજમહેલના બદલાયેલા રંગના કારણે ગંદા મોજા અને તાજ પર હાજર કીડા અને ઉધઈ છે. કોર્ટે એએસઆઈના એ જવાબ પર પણ આશ્ચર્ય વ્યકત કર્યું કે શું એ સંભવ છે કે ઉધઈ છત પર પહોંચી ગઈ. કોર્ટે એએસઆઈના ઢીલા વલણ પર એએસઆઈને ફટકાર પણ લગાવી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે સમસ્યા એ છે કે એએસઆઈ એ માનવા તૈયાર નથી કે કોઈ મુશ્કેલી છે. જો એએસઆઈએ જવાબદારીથી પોતાનું કામ કર્યું હોત તો આ સ્થિતિ પેદા જ થાત નહીં. ૨૨ વર્ષ પહેલા ૧૯૯૬માં અમારા આદેશ પર અત્યાર સુધી અમલ થઈ શકયો નહીં.

ન્યાયમૂર્તિ મદન બી લોકુર અને ન્યાયમૂર્તિ દીપક ગુપ્તાની બેંચે કેન્દ્ર તરફથી રજુ વધારાના સોલિસિટર જનરલ એએનએસ નાડકર્ણીની બેચને કહ્યું કે જો પુરાતત્વ સર્વેક્ષણ વિભાગે પોતાનું કામ યોગ્ય રીતે કર્યું હોત તો આજે આ સ્થિતિ ન થાત અમે એએસઆઈના પોતાના



બચાવ કરવાની પધ્ધતિથી આશ્ચર્યચકિત છીએ.તમે કેન્દ્ર મહેરબાની કરી વિચાર કરો કે પુરાતત્વ સર્વેક્ષણ વિભાગની ત્યાં જરૂરત છે કે નહીં. આ દરમિયાન નાડકર્ણીએ બેચને કહ્યું કે પર્યાવરણ અને વન મંત્રાલય તાજમહલના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતોને નિયુકત કરવાની વરિષ્ઠ અદાલતના સુચન પર વિચાર કરી રહ્યું છે પુરાતત્વ સર્વેક્ષણ વિભાગના વકીલે ન્યાયાલયથી કહ્યું કે યમુના નદીમાં પાણીના ઠેરાવના કારણે કીટોની સમસ્યા ઉત્પન્ન થઈ રહી છે.

સુપ્રીમ કોર્ટે આ વર્ષ માર્ચમાં તાજમહલના સંરક્ષણ અને તાજ ટ્રેપેજિયમ ઝોનમાં પર્યાવરણના સંરક્ષણની બાબતમાં દૃષ્ટિપત્રનો મુસદ્દો રજુ કરવાનો નિર્દેશ ઉત્તરપ્રદેશને આપ્યો હતો. તાજ ટ્રેપેજિયમ જોન લગભગ ૧૦,૪૦૦ વર્ગ કિલોમીટરનો ક્ષેત્ર છે. જેના દાયરામાં આગ્રા, ફિરોજાબાદ મથુરા હાથરસ એટા અને રાજસ્થાનના ભરતપુરની સારવાર આવે છે.હકીકતમાં ગત સુનાવણીમાં કોર્ટે અરજીકર્તા તરફથી રજુ તસવીરોને જોતા એએસઆઈથી જવાબ માંગ્યો હતો આજે એએસઆઈએ કોર્ટને બતાવ્યું કે તાજમહલનું ફર્શ ગંદુ થવાને કારણે હકીકતમાં ગંદા મોજોનનો ઉપયોગ થવાનું છે આપણે ફકત વીઆઈપી લોકોને મોજા આપીએ છીએ બાકીના લોકો પોતાના મોજાનો ઉપયોગ કરે છે.

# નેપાળમાં ચીનનું પ્રભૂત્વ ઓછું કરવા વડાપ્રધાન મોદીની નેપાળ મુલાકાત

## બંને દેશો વચ્ચેના સંબંધોમાં આવેલી કડવાશ દૂર કરવાનો પ્રયાસ કરાશે

**એજન્સી દ્વારા**
**નવીદિલ્હી**

ચાર વર્ષના શાસનકાળ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજીવાર નેપાળ જશે. નેપાળ સાથેના સંબંધોમાં આવેલી કડવાશ દૂર કરવા તેમની નેપાળ મુલાકાતને મહત્વની માનવામાં આવે છે. પરંતુ આ નેપાળ મુલાકાત દરમ્યાન મોદી સામે ત્રણ પડકાર હશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેપાળ મુલાકાત આમ તો ધાર્મિક ગણાવાઈ રહી છે. પરંતુ તે દરમ્યાન બંને દેશો વચ્ચેના સંબંધોમાં આવેલી કડવાશ દૂર કરવાનો પ્રયાસ કરાશે.

નેપાળમાં ચીનનું પ્રભુત્વ ઓછું કરવા માટેમોદી સરકાર તમામ પ્રયાસો કરી રહી છે. એટલે ચાર વર્ષના શાસન દરમ્યાન મોદી ત્રીજીવાર નેપાળ જઈ રહ્યા છે.

ગત મહિને નેપાળના પીએમ કે.પી. ઓલી શર્મા ભારત આવ્યા હતા. ઓલીના ભારત પ્રવાસ દરમ્યાન મોદીએ રકસૌલ-કાઠમાંડુ રેલ સેવા અંગે ચર્ચા કરી હતી. એટલે આ રેલ સેવા શરૂ કરવા પર ભારત ભાર મુકશે. આ સાથે જ અન્ય મહત્વપૂર્ણ મુદ્દે પણ પહેલ થાય તેવી શક્યતા છે. કૃષિ ક્ષેત્રમાં ભાગીદારી અને નદીઓમાં જળ વ્યવહાર.

નેપાળના પીએમ ઓલી નજીકના ભવિષ્યમાં ચીનના પ્રવાસે જવાના છે. એવામાં ભારતે એ જોવું મહત્વનું રહેશે કે નેપાળ પોતાના વિકાસ માટે ચીનને પાર્ટનર ન બનાવી લે. જેનો અંદાજ ગંડકી હાઈડ્રોપાવર પ્રોજેક્ટ પર લેવાનારા નિર્ણય પરથી નક્કી થઈ જશે.

નેપાળે તાજેતરમાં જ ચીનની કંપનીને આપેલો કોન્ટ્રાક્ટ કેન્સલ કર્યો હતો. જો આ કોન્ટ્રાક્ટ ફરી આપવામાં આવશે તો ભારત માટે ચિંતાનો વિષય હશે.

ભારતમાં નોટબંધી બાદ બંધ થયેલી ૫૦૦ અને એક હજારની નોટ પણ નેપાળ માટે ચિંતાનો વિષય છે. નેપાળની બેંકોમાં મોટી સંખ્યામાં આ નોટ જમા થયેલી છે. આ ચલણી નોટોનું શું કરવું તે અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને રાષ્ટ્રીય બેંક ઓફ નેપાળ વચ્ચે બેઠકો થઈ છે.

પરંતુ આ બેઠકોમાં ઠોસ પરિણામ નથી આવ્યું. એટલે પીએમના નેપાળ પ્રવાસ દરમ્યાન આ મામલો પણ ચર્ચાઈ શકે છે.

બે દિવસ લોકો ભયભીત રહ્યા, હવે રાહત

# હાલ પુરતી રાહત પણ ૧૩મીએ તોફાનની શકયતા

## કેદારનાથ અને આસપાસના વિસ્તારોમાં ભારે હિમવર્ષા બાદ શ્રદ્ધાળુ પરેશાન : ચારધામની યાત્રા આડે અડચણો

એજન્સી દ્વારા
નવી દિલ્હી,તા. ૯

પ્રચંડ આંધી અને તોફાન તેમજ વરસાદને લઈને છેલ્લા બે દિવસથી તોળાઈ રહેલી ઘાત હાલ પુરતી તો ટળી ગઈ છે. આની અસર ચોક્કસપણે હરિયાણા અને દિલ્હી તેમજ અન્ય કેટલાક ભાગોમાં રહી હતી. પરંતુ હવે સ્થિતી હળવી બની રહી છે. જો કે ૧૩મી ફરી તોફાનની આશંકા છે. જેથી તંત્ર હાલમાં સાબદુ રહે તેવી શક્યતા છે. તોફાનનુ બે દિવસ સુધી એલર્ટ રહ્યુ હતુ અને સ્કુલ, કોલેજોને બંધ રાખવામાં આવી હતી. લોકો પણ સાવધાન રહ્યા હતા. લોકો પ્રચંડ તોફાન અંગે માહિતી મેળવતા નજરે પડ્યા હતા. આંધી અને ઠંડી હવાના કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો. બીજી બાજુ ચારધામની યાત્રા આડે અડચણો ઉભી થઈ ગઈ છે. કારણ કે આસપાસના વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. જાણકાર નિષ્ણાંતોનુ



કહેવુ છે કે આ વખતે ગરમી વધારે ઝડપથી વધી રહી છે. તાપમાન વધવાના કારણે વાતાવરણમાં નમી પણ છે. નમીના પ્રભાવના કારણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ચક્રવાતી પવનની દહેશત રહેલી છે. ઓછા દબાણવાળા વિસ્તારો પણ સક્રિય થઈ રહ્યા છે. અતિ ખરાબ હવામાનના કારણે હેલિકોપ્ટરને ઉડાણ ભરવામાં સફળતા મળી રહી નથી. સાથે સાથે વાપસી માટે અન્ય રસ્તા પણ બંધ રાખવામાં આવ્યા છે. હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં લઈને કેદારનાથ તરફ જતા શ્રદ્ધાળુઓને સોનપ્રયાગ અને ગૌરીકુંડમાં રોકી દેવામાં આવ્યા છે. કેદારનાથમાં સતત ભારે વરસાદ અને હિમવર્ષાના કારણે જનજીવન ઠપ થઈ ગયુ છે. ભારે હિમવર્ષાના કારણે તમામ વિસ્તારોમાં ત્રણ ઈંચ સુધી બરફ જામી જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કેદારનાથમાં સતત હિમવર્ષા અને વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે. સવારે ૧૦ વાગે વરસાદ અને હિમવર્ષા શરૂ થયા બાદ સતત છ કલાક સુધી વરસાદ અને હિમવર્ષા જારી રહેતા લોકો અટવાઈ પડ્યા હતા. ભારે વરસાદ અને હિમવર્ષા છતાં કેદારનાથ અને અન્યત્ર રોકાયેલા શ્રદ્ધાળુઓમાં રહેલા ઉત્સાહમાં કોઈ ઘટાડો થયો નથી.

ખાસ રીતે નોંધનીય છે કે બીજી મેના દિવસે અનેક ભાગોમાં આ વિનાશકારી તોફાનમાં ૧૩૦થી વધુના મોત થયા હતા. ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ૭૩, રાજસ્થાનમાં ૪૫, તેલંગાણામાં સાત, ઉત્તરાખંડમાં ૪, દિલ્હી, પંજાબ અને ઝારખંડમાં બે-બે લોકોના મોત થયા હતા.હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, દિલ્હી અને ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોમાં જોરદાર આંધીની શક્યતા દેખાઈ રહી હતી. પહેલાના નુકસાનકારક તોફાનને ધ્યાનમાં લઈને તંત્ર સાબદુ છે

### વિશ્વના સૌથી શક્તિશાળી લોકા

| નામ | સંસ્થા | વય |
|---|---|---|
| શી જિંગપિંગ (ચીની પ્રમુખ) | ચીન | ૬૪ |
| વ્લાદીમીર પુટિન (રશિયન પ્રમુખ) | રશિયા | ૬૫ |
| ડોનાલ્ડ ટ્રમ્પ (અમેરિકી પ્રમુખ) | અમેરિકા | ૭૧ |
| એન્જેલા માર્કેલ (જર્મન ચાન્સલર) | જર્મની | ૬૩ |
| જૈફ બેજોસ | અમેઝોનડોટકોમ | ૫૪ |
| પોપ ફ્રાન્સિસ | રોમન કેથોલિક ચર્ચ | ૮૧ |
| બિલ ગેટ્સ | બિલ એન્ડ મેરિન્ડા ગેટ્સ | ૬૨ |
| મોહમ્મદ બિન સલમાન | સઉદી અરેબિયા | ૩૨ |
| નરેન્દ્ર મોદી (ભારતીય વડાપ્રધાન) | ભારત | ૬૭ |
| લેરી પેજ | ગુગલ | ૪૫ |
| જેરોમ પોવેલ | અમેરિકા | ૬૫ |
| એમુએનલ મેક્રોન | ફ્રાન્સ | ૪૦ |
| માર્ક ઝકરબર્ગ | ફેસબુક | ૩૩ |
| ટેરિસા મે (બ્રિટિશ વડાપ્રધાન) | બ્રિટન | ૬૧ |
| લી કિંવગ (ચીની વડાપ્રધાન | ચીન | ૬૨ |
| વારેન બફેટ | બર્કશાયર હેથવે | ૮૭ |
| અલી હોસની | ઈરાન | ૭૮ |
| મારિયો ડ્રાગી | યુરોપિયન સેન્ટ્રલ બેંક | ૭૦ |
| જેમી ડિમોન | જેપી મોર્ગન | ૬૨ |
| કાર્લોસ સ્લીમ | અમેરિકા મુવિલ સબડે | ૭૮ |

# નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

જમીનની માલિકીના હક સ્ત્રીના નામે મળે તો છેક શોષિતોમાં પણ શોષિતનું સશક્તિકારણ થાય. સ્ત્રીઓનાં નામે જમીનની માલિકી હોય તેના ઘણા ફાયદા છે. સૌથી મોટો ફાયદો તો એ છે કે એમાંથી થતી આવકનો ઉપયોગ દારૂ અને બીડી જેવા બિનજરૂરી ખર્ચમાં નહિ, પણ ઘર ચલાવવામાં અને બાળકોની જરૂરિયાત સંતોષવા માટે થાય. એટલે સાચા અર્થમાં કુટુંબનું કલ્યાણ થાય. દારૂના નશામાં પુરુષ એને વેચી પણ ન શકે તેમ જ જમીનમાંથી થયેલી આવક પર સ્ત્રીનું નિયંત્રણ હોવાથી સ્ત્રી પર હાથ ઉપાડતાં પહેલાં પણ એ સત્તર વખત વિચારતો થઈ જાય. એટલે કુટુંબમાં પણ સ્ત્રીનું માન જળવાય અને આખું કુટુંબ સચવાઈ જાય.૨૦૧૬માં સરકારે એ વાત ફરી વાર કહી હતી કે સ્ત્રીઓનાં નામે જમીન માલિકી વધે એ માટે તેઓ પ્રતિબદ્ધ છે. આજે ૭૪ ટકા ગ્રામીણ સ્ત્રીઓ ખેતી સાથે સંકળાયેલી છે, પણ એમાંની માત્ર ૧૩ ટકા પાસે જ માલિકીહક છે. દલિત સ્ત્રીઓમાં તો જમીનની માલિકીનું પ્રમાણ એકાદ ટકા જેટલું માંડ હશે. મૂળભૂત રીતે દલિતો પાસે જમીનની ઓછી. એટલે સ્ત્રીઓનાં નામે જમીન હોવાની માત્રા સ્વભાવિક રીતે નહીંવત્ છે.દલિત સ્ત્રીઓના ભાગે અનેક સ્તરે ભેદભાવનો ભાર સહન કરવાનો આવે છે. એક, તો દલિત, તે પણ સ્ત્રી, વળી પાછી ગરીબ અને મોટે ભાગે અભણ. સદીઓથી દલિત સ્ત્રીઓ માથે તો સવર્ણોના ખેતરમાં જ કામ કરવાનું લખાયેલું આવ્યું છે. પોતાનું ઘર ચલાવવા અને બાળકોની જરૂરિયાત પૂરી કરવા એણે મજૂરીની સાથે કાકલૂદી કરવાની હોય, ગાળો સાંભળવાની હોય, અનેક અહેસાન માથે લેવાના હોય. દેવું તો હોય જ, જેને પરત ચૂકવવાની જવાબદારી પણ સ્ત્રીઓ જ નિભાવતી હોય છે. આ પરિસ્થિતિમાં આર્થિક સંસાધનો પર સ્ત્રીઓને માલિકીહક આપવાથી તેમના અસહાય સંજોગોમાં તેમને મોટી સહાય તો મળી શકે, પણ આ તો બેચાર વીઘાવાળા સીમાંત ખેડૂતો છે, જેમની ખેતીમાં જોખમ પણ ખૂબ મોટું રહેલું છે.જમીનહકની સાથે સાથે જમીનને ઉપજાઉ બનાવવા પાણી પણ જોઈએ. કારણ કે દલિતોને ગામની નહેર કે તળાવમાંથી જો પીવાનું પાણી મળવાની તકલીફ હોય તો સિંચાઈ માટેના પાણી પર તો એમનો વારો છેલ્લો જ આવવાનો. એ સાથે ખાતર, બિયારણ અને ધિરાણ જેવી વ્યવસ્થામાંથી પણ આભડછેટના અંશોનો નાશ ના થાય ત્યાં સુધી દલિત સ્ત્રીઓ માટે જમીનની સાથે બાકીની વ્યવસ્થા આપોઆપ ગોઠવાઈ જશે એવું ધારી ન લેવાય. પાણી અને અન્ય સુવિધા વગરની જમીન દેવાનો નવો સ્રોત બની ન જાય એ ખાતરી પણ આપવી પડશે. વળી, કાયદાના શાસનની પણ વ્યવસ્થા ના ગોઠવાય તો પોતાની જમીન પરથી એને કોઈ ઉઠાડી દે એ ડર હંમેશાં માથા પર ઝળુંબતો રહે. એ માટેની રાજકીય ઈચ્છા શક્તિ અને સામાજિક તૈયારી જ સૌથી મોટા પડકાર છે.નવી ચેતના સાથે જમીનની માલિકી પછાતમાં પછાત વર્ગને મળે - એટલે કે દલિતોમાં પણ સ્ત્રીઓને અને સ્ત્રીઓમાં પણ વિધવા સ્ત્રીના નામે માલિકી મળે એ વાત તેમણે આંદોલનના મંચ પરથી ઉચ્ચારવામાં આવી છે, જે આવકાર્ય છે. સ્ત્રીના જમીનના માલિકીહકની બાબતમાં જે દરેક જ્ઞાતિમાં બનતું આવ્યું છે તેમ સામજિક દબાણ અને લાગણીના કાવાદાવા સ્ત્રીઓને તેમના હકથી વંચિત ન રહી જાય એ તકેદારી રાખવાની રહેશે.

# અમે પોતાના સામાજિક ઉદ્દેશ્ય હેઠળ સ્વસ્થ પ્લેનેટ અને સ્વચ્છ ભારત તરફ કામ કરી રહ્યાં છીએ

**– વિદ્યુત મંત્રી શ્રી આર.કે.સિંહ**

એનટીપીસી રાજધાની અને એનસીઆરને સ્વચ્છ વાતાવરણ આપવા માટે કૃષિ અવશેષ ઉપરાંત નગરપાલિકા સોલિડ એપસ્ટ્રીમ મેનેજમેન્ટમાં સૌથી પ્રમુખ રહ્યું છે. એનટીપીસીએ વિદ્યુત ઉત્પાદન માટે બાયો સામૂહિકનો ઉપયોગ કરવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ ચલાવી હતી, જે સાબિત કરે છે કે સત્તામાં બાયો-સમૂહ વિદ્યુત ઉત્પાદન દ્વારા સ્વચ્છ વાતાવરણ હેતુ સમાધાન છે. અમે ભારતના પર્યાવરણને સ્વચ્છ બનાવીને વિદ્યુત ઉત્પાદન તથા સ્વચ્છ ભારત અભિયાનમાં પોતાનું યોગદાન આપવા માંગે છે.'' શ્રી આર.કે.સિંહ, માનનીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભાર) વિદ્યુત અને નવીન ઉપરાંત નવીનીકરણીય ઉર્જાના વિષય *''Agro Residue and Municipal Solid Waste to Power: Challenges and Way Ahead for India''* પર એનટીપીસીના બે દિવસીય સંમેલનનું ઉદ્ઘાટન કરતાં કહ્યું.

તેમણે કહ્યું, ''ધરતીને સ્વચ્છ અને સ્વસ્થ બનાવું અમારા લાંબા ગાળાનું સામાજિક ઉદ્દેશ છે અને આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે મોટી રકમનું હોવું જરૂરી છે અમે એવી નીતિ બનાવા માંગીએ છીએ. કારણકે સ્વચ્છ ભારત માટે લાંબા ગાળાના લક્ષ્યોને પૂરા કરી શકીએ. કૃષિ અવશેષ અને નગરપાલિકા સોલિડ અપશિષ્ટ બંનેનો ઉપયોગ વિદ્યુત ઉત્પાદન માટે કરી શકે છે, અમે આ પ્રક્રિયાને ઉચિત ઈસ્તેમાલ માટે ચુનૌતિયોનું સમાધાન કરવું પડશે.''

આ અવસર પર ભારત સરકારના સચિવ વિદ્યુત શ્રી એ.કે.ભલ્લાએ જણાવ્યું કે, ''એનટીપીસી આખા દેશની મુખ્ય કંપની છે અને હું એનટીપીસી મેનેજમેન્ટના વખાણ કરું છું જેણે સ્વચ્છ વાતાવરણની દિશામાં આ નવીનીકરણની ભાવનાને વધારવા માટે પૂરક બનાવવા માંગું છું. હું માનું છું કે, આ પરિષદ તમામ હિસ્સેદારોને એક આદર્શ પ્લેટફોર્મ છે, જે આ ક્ષેત્રની



પરિવર્તન કરવા જઇ રહ્યું છે. અમે આ પહેલ માટે અમારા સંપૂર્ણ સમર્થનને વિસ્તારિત કરીએ છીએ. ''

સંમેલન પર પોતના વિચાર વ્યક્ત કરતા અનટીપીસીના સીએમડી શ્રી ગુરદીપ સિંહે જણાવ્યું ,''આ પહેલની શરૂઆત કેટલાંક સમય પહેલાં થઇ જયારે પાછલાં વર્ષ ઓક્ટોબર મહિનામાં શહેરના પ્રદુષણથી સંઘર્ષ કરી રહ્યાં હતાં.''

સમસ્યાઓનો સામનો કરવો અને અગત્યની બાબતો પર ચર્ચા કરશે અને પાન-ભારતના ધોરણે પાવર પ્રોજેક્ટ્સમાં તેનો ઉપયોગ કરશે. આ કોન્ફરન્સની કી ટેકઓવર પ્રગતિ માટેનો રસ્તો અને વધું સારું કાલે

### રાજ્ય સરકાર દ્વારા અપાતા ગુજરાતી ચલચિત્ર પારિતોષિકમાં

# ગાંધીનગરના મૌલિક જગદીશ નાયક શ્રેષ્ઠ સહાયક અભિનેતાથી સન્માનિત



એજન્સી દ્વારા રાજય સરકારે ગુજરાતી ચલચિત્રોના વિકાસ-પ્રોત્સાહન માટે નવી ચલચિત્ર નીતિ ઘડી છે. તદ્દનુસાર રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ગુજરાતી ચલચિત્રોના વિવિધ ક્ષેત્રોમાં કુલ ૩૨ કેટેગરીને લક્ષમાં લઇને પારિતોષિક જાહેર કરી એનાયત કરવામાં આવે છે.

તાજેતરમાં માહિતી ખાતા દ્વારા જાહેર કરાયેલ આ પારિતોષિકોમાં વર્ષ ૨૦૧૫-૧૬ માં નિર્માણ પામેલી પ્રેમજી રાઇઝ ઓફ અ વોરિયર ફિલ્મ શ્રેષ્ઠ ચલચિત્ર, શ્રેષ્ઠ દિગ્દર્શન શ્રી વિજયગીરી બાવા, શ્રેષ્ઠ અભિનેતા મેહુલ સોલંકીને પારિતોષિકો એનાયત કરાયા હતા.

આ પ્રેમજી રાઈઝ ઓફ અ વોરિયર ફિલ્મને શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો પારિતોષિક ગાંધીનગરના રહેવાસી એવા મૌલિક જગદીશ નાયકને મળ્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આ પહેલાં મૌલિક જગદીશ નાયકે અગાઉ બેયાર, રોમકોમ, વીટામીન શી અને લવની ભવાઈ જેવી ગુજરાતી ચલચિત્રોમાં અભિનય આપ્યો હતો. જેમાં સને ૨૦૧૫માં રોમકોમ ફિલ્મમાં બેસ્ટ કોમેડીયનનો ટ્રાન્સમીડિયા એવોર્ડ પણ મળ્યો હતો.

# એપ્પી ફિઝે સલમાન ખાન સાથે તેની પ્રથમ માર્કેટિંગ કેમ્પેઈન લોન્ચ કરી

## ઈફીલધફિઝમિડિયા કેમ્પેઈન માટે ૨૦૧૮માં રૂ. ૧૦૦ કરોડના બજેટની જોગવાઈ




મે, ૨૦૧૮ : સૌથી વિશાળ ભારતીય પીણાંની ઉત્પાદક પાર્લે એગ્રો દ્વારા આજે રૂ. ૧૦૦ કરોડના બજેટ સાથે બ્રાન્ડ એપ્પી ફિઝ માટે તેની નવી ઈફીલધફિઝમાર્કેટિંગ કેમ્પેઈન લોન્ચ કર્યાની જાહેરાત કરવામાં આવી હતી. આ તેના નવા બ્રાન્ડ એમ્બેસેડર સલમાન ખાનને ચમકાવતી બ્રાન્ડ માટે પ્રથમ કેમ્પેઈન છે.

નવી કેમ્પેઈન બ્રાન્ડના ગ્રાહકોને એપ્પી ફિઝની જેમ જ બોલ્ડ, આત્મવિશ્વાસુ રહીને પોતાની ફિઝ વસાવવાની જરૂરત પર નિર્માણ કરાઈ છે અને ભારતભરના યુવાનોને તે સ્પર્શે છે.

આ નવી કેમ્પેઈન પર બોલતાં પાર્લે એગ્રોના જોઈન્ટ મેનેર્જિંગ ડાયરેક્ટર અને સીએમઓ નાદિયા ચૌહાણે જણાવ્યું હતું કે નવી ઈફીલધફિઝ કેમ્પેઈન સાથે લક્ષ્ય ફ્રૂટ પ્લસ ફિઝ શ્રેણીમાં આગેવાન તરીકે છેલ્લાં થોડાં વર્ષોમાં એપ્પી ફિઝ સતત જોઈ રહી છે તે બે આંકડાની વૃદ્ધિને વધુ વધારીને તેને મજબૂત બનાવવાનું છે. સલમાન ખાન બ્રાન્ડનો ચહેરો હોવાથી અમે બ્રાન્ડ માટે સ્થાપિત કરેલો અને તેણે નિર્માણ કરેલી શ્રેણી માટે આક્રમક ધ્યેય હાંસલ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વિતરણ, રિકોલ અને અગ્રતાઓમાં નવી ઊંચાઈ સર કરવી તે ૨૦૧૮માં બ્રાન્ડ માટે મુખ્ય હેતુ છે.

આ સહયોગ વિશે બોલતાં સલમાન ખાન કહે છે, એપ્પી ફિઝ માટે નવી કેમ્પેઈન રોમાંચક છે. મને ખાતરી છે કે પ્રોડક્ટ અને નવી ઈફીલધફિઝ કેમ્પેઈન નિશ્ચિત જ મારા બધા ચાહકોને ગમશે.

આક્રમક કેમ્પેઈન ૨૦૧૮ના અંત સુધી બ્રાન્ડનું ટર્નઓવર રૂ. ૫,૦૦૦ કરોડ સુધી લઈ જવા માટે એકંદર વ્યૂહરચનાનો ભાગ છે તેમ જ આગામી વર્ષોમાં ફ્રૂટ પ્લસ ફિઝની શ્રેણી રૂ. ૪,૦૦૦ કરોડ સુધી નિર્માણ કરવાનું પણ લક્ષ્ય છે.

# હિમાલયા દ્વારા ઓઈલ- ક્લિયર ફ્રેશનેસ માટે ફેસ વોશની ફ્રેશ સ્ટાર રેન્જ રજૂ કરાઈ



૨૦૧૮: ભારતની અગ્રણી ઘરઆંગણે વૃદ્ધિ પામેલી વેલનેસ કંપની ધ હિમાલયા ડ્રગ કંપનીએ આજે સંપૂર્ણ નવી ફ્રેશ સ્ટાર્ટ ઓઈલ ક્લિયર ફેસ વોશ રેન્જ રજૂ કરાઈ હતી, જે ત્વચાને ચિકાશમુક્ત રાખવા સાથે તાજગીપૂર્ણ રાખે છે. તેમાં સ્ટ્રોબેરી, પીચ, લેમન અને બ્લુબેરી જેવાં ફળોની સારપ છે.

ફ્રેશ સ્ટાર્ટ ફેસ વોશીઝ ફળોની તાજગી પૂરી પાડવા સાથે ચિકાશ દૂર કરવા ત્વચા પર મધ્યમ કામ કરતા નૈસર્ગિક બીડ્સ સાથે રચવામાં આવ્યા છે. ધ હિમાલયા ફ્રેશ સ્ટાર્ટ ઓઈલ ક્લિયર ફેસ વોશ રેન્જમાં ચાર આકર્ષક ફળના પ્રકાર છે, જેમાં સ્ટ્રોબેરી, બ્લુબેરી, પીચ અને લેમનનો સમાવેશ થાય છે.

આ લોન્ચ વિશે બોલતાં ધ હિમાલયા ડ્રગ કંપનીના કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ડિવિઝનના બિઝનેસ ડાયરેક્ટર શ્રી રાજેશ કૃષ્ણમૂર્તિએ જણાવ્યું હતું કે ફેસ વોશ સેગમેન્ટમાં બજાર આગેવાન તરીકે અમે ગ્રાહકોની ઉત્ક્રાંતિ પામતી જરૂરતોને હંમેશાં સમજી રહ્યા છીએ અને તેમને આરોગ્યવર્ધક ત્વચા પૂરી પાડી રહ્યા છીએ.

હિમાલયા ફ્રેશ સ્ટાર્ટ મુલાયમ, સ્થિતિસ્થાપક અને ચિકાશ મુક્ત અહેસાસ માટે ઊંડાણથી સફાઈ કરવા અને ચિકાશ દૂર કરવા માટે અજોડ રીતે સ્થાનબદ્ધ છે. યુવાઓ બધા દિવસ, રોજબરોજ ફ્રેશ સ્ટાર્ટ કરી શકે છે!

નવી રેન્જ વિશે બોલતાં ધ હિમાલયા ડ્રગ કંપનીના કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ડિવિઝનના માર્કેટિંગના જનરલ મેનેજર રામારાવ ધમીજાએ જણાવ્યું હતું કે ફ્રેશ સ્ટાર્ટ અત્યંત આકર્ષક રેન્જ છે, જે ચિકાશ- મુક્ત ત્વચા આપવા માટે ચાર પ્રકારમાં ઉપલબ્ધ છે. તે ખાસ કરીને કોલેજ જતી વિદ્યાર્થિનીઓ, જેઓ સતત દોડધામમાં હોય છે અને તેને લીધે ત્વચાની સંભાળ રાખવા માટે ભાગ્યે જ કોઈ સમય મળતો હોય તેમને માટે ઉત્તમ સાથી બની જાય છે.

આથી અમે બ્રાન્ડ માટે પેકેજિંગ અને એકંદર સંદેશની દષ્ટિથી અત્યંત સ્વર્ણિમ અને યુવા અભિગમ જાળવી રાખ્યો છે. અમે હિમાલયા ફ્રેશ સ્ટાર્ટને દરેક વિદ્યાર્થિનીઓના સ્કિન કેર કિટમાં અવશ્ય રાખવું જોઈએ એવી સ્થિતિ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

ફેસ વોશીઝની કિંમત ૫૦ મિલિ પેક માટે રૂ. ૭૫ અને ૧૦૦ મિલિ પેક માટે રૂ. ૧૪૦ રાખવામાં આવી છે.

# એમેઝોન સમર કાર્નિવલ સાથે ગરમીને ભગાવો

બેન્ગલુરુ, ૯ મે, ૨૦૧૮: એમેઝોન.ઈન૧૩ મેથી ૧૬ મે, ૨૦૧૮ સુધી એમેઝોન સમર સેલ સાથે આ સમરને વધુ ગરમ બનાવવા માટે સુસજ્જ છે. સ્માર્ટફોન્સ, કન્ઝયુમર ઈલેક્ટ્રોનિક્સ, ફેશન, મોટાં ઉપકરણો, ટીવી, સ્પોર્ટ્સ અને ફિટનેસ અને ઘણા બધા પર હજારો ડીલ્સ સાથે ગ્રાહકો એમેઝોન.ઈન પર સેંકડો શ્રેણીઓમાં ૧૭૦ મિલિયનથી વધુ પ્રોડક્ટોમાંથી ખરીદી કરી શકે છે.

અત્યંત વિશ્વસનીય અને મુલાકાત લેવાતા ઈકોમર્સ સ્થળ તરીકે અમે દરેક અવસર અમારા ગ્રાહકો સાથે ઊજવવા માટે ઉત્સુક રહીએ છીએ. એમેઝેન સમર સેલ આ સીઝનમાં ગ્રાહકો લેવા માગે છે તે બધું જ ઓફર કરે તે રીતે તૈયાર કરવામાં આવ્યું છે. ઉત્તમ ડીલ્સ, વધારાનું કેશબેક, નો કોસ્ટ ઈએમઆઈ અને સુવિધાજનક એક્સચેન્જ વિકલ્પો સાથે ગ્રાહકો એમેઝોન.ઈન પર સમરની ખુશી ઊજવવા સુસજ્જ બની શકે છે, એમ એમેઝોન ઈન્ડિયાના કેટેગરી મેનેજમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ મનીષ તિવારીએ જણાવ્યું હતું.

એમેઝોન સમર સેલ દરમિયાન શોપિંગ કરનારા ગ્રાહકોને વનપ્લસ, એપ્પલ, સેમસંગ, નોકિયા, એરો, યુસીબી, વેરો મોડા, ફ્લાઈંગ મશીન, રેન્ગલર, બ્લેકબેરીઝ, જેબીએલ, બોસ, સોની, એલજી, બીપીએલ, ટીસીએલ, બોશ્ચ, વ્હર્લપૂલ, નિવિયા અને ઘણું બધું જેવી બ્રાન્ડ્સમાં ઉત્તમ ડીલ્સ અને નવા લોન્ચ માણવા મળશે. એમેઝોન ઈકો ડિવાઈસીસ, ફાયર ટીવી સ્ટિક, કિંડલ પેપરવ્હાઈટ, ઈબુક્સ વગેરે પર મિની સેલના આ ચાર દિવસ દરમિયાન વિશેષ ડિસ્કાઉન્ટ્સ ઓફર કરાશે.

- **૧૩-૧૬ મે, ૨૦૧૮ દરમિયાન સ્માર્ટફોન્સ, કન્ઝયુમર ઈલેક્ટ્રોનિક્સ, ફેશન, મોટાં ઉપકરણો, ટીવી, સ્પોર્ટસ અને ફિટનેસ તથા વધુ પર હજારો ડીલ્સ.**
- **ગ્રાહકો એમેઝોન પે બેલેન્સ પર ૧૦ ટકા કેશબેક અને આઈસીઆઈસીઆઈ બેંક ક્રેડિટ અને ડેબિટ કાર્ડ અને ઈએમઆઈ પર ૧૦ ટકા કેશબેક સાથે વધુ બચત કરી શકે છે.**
- **સ્માર્ટફોન્સ, ટીવી, વોશિંગ મશીન, એર કંડિશનર વગેરેમાં હજારો પ્રોડક્ટો પર નો કોસ્ટ ઈએમઆઈ અને આકર્ષક એક્સચેન્જ યોજનાઓ.**

ગ્રાહકોને કેશલેસ વિકલ્પ અપનાવે તો આકર્ષક કેશબેક્સ મળશે. ગ્રાહકો એમેઝોન પે બેલેન્સ સાથે ખરીદી કરશે તો રૂ. ૨૫૦ની બધી ખરીદી પર રૂ. ૩૦૦ સુધી ૧૦ ટકાનું વધારાનું કેશબેક મળશે. ગ્રાહકો તેમના એમેઝોન પે બેલેન્સનો ઉપયોગ કરશે ત્યારે ઝડપી અને આસાન ચેકઆઉટ્સ, ઝડપી રિફંડ્સ સાથે સંરક્ષિત શોપિંગ અનુભવ એમેઝોન.ઈન પર માણી શકે છે.

આઈસીઆઈસીઆઈ બેંક ગ્રાહકો ડેબિટ કાર્ડ અને ક્રેડિટ કાર્ડથી અને ઈએમઆઈ પર ચુકવણી કરે ત્યારે ૧૦ ટકાના વધારાના કેશબેસ સાથે આ ઈવેન્ટ દરમિયાન વધુ બચતો પણ ઓફર કરે છે. લાખ્ખો પાત્ર ગ્રાહકો ચુનંદી બેંક પાસેથી તેમના ડેબિટ કાર્ડનો ઉપયોગ કરવા પર ઈએમઆઈનો લાભ પણ લઈ શકે છે.

તો એમેઝોન સમર સેલ સાથે ૧૩- ૧૬ મે સુધી આ સીઝનની ઉજવણીમાં ગળાડૂબ બનો.

# વોલ્વો કાર ઈન્ડિયાએ નેશનલ પાટ્ર્સ વેરહાઉસનું ઉદ્ઘાટન કર્યું



**મુંબઈ, ૯ મે, ૨૦૧૮:** સ્વિડિશ લક્ઝરી કાર કંપની વોલ્વો કાર ઈન્ડિયાએ ભિવંડીમાં નેશનલ પાટ્ર્સ વેરહાઉસનું ઉદ્ઘાટન કર્યું છે. ડીએસવી સાથેના વ્યૂહાત્મક જોડાણ સાથે સ્થપાયેલા વેરહાઉસથી દેશભરમાં ડિલરશીપ તરફથી વધતી માગને પહોંચી વળવામાં મદદ મળી રહેશે. આનાથી ગ્રાહકો માટે વેઈટિંગ ઘટશે અને વિશ્વસ્તરીય સેવાઓ પૂરી પાડવાની કંપનીની મહાત્વાકાંક્ષાઓની દિશામાં કંપની આગળ વધશે.

વોલ્વો કાર ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર ચાર્લ્સ ફ્રુમ્પે જણાવ્યું હતું કે, ''ભારતમાં અમારા નેશનલ પાટ્ર્સ વેરહાઉસના ઉદ્ઘાટનની જાહેરાત કરતાં હું ખુશી અનુભવું છું. આનાથી ગ્રાહકોને વિશ્વસ્તરીય સેવાઓ મળી રહેશે તેમજ વર્ષ ૨૦૨૦ સુધીમાં બજાર હિસ્સો બેગણો કરવાની અમારી મહાત્વાકાંક્ષાને બળ મળશે. અમારા પાર્ટનર તરીકે ડીએસવી સાથે અમને વિશ્વાસ છે કે તેનાથી ગ્રાહકોને વધુ સમય રાહ જોવી પડશે નહીં. આ વેરહાઉસથી ડિલરશીપ ખાતે તરલતા વધશે અને તેઓ ગ્રાહકો ઉપર વધુ ધ્યાન આપી શકશે.''

આ પ્રસંગે વોલ્વો કાર ગ્રુપના ગ્લોબલ કસ્ટમર સર્વિસના વાઈસ પ્રેસિડેન્ટ માર્ટિન પીઅરસને જણાવ્યું હતું કે, ''ભારતના માર્કેટમાં વિકાસની સંભાવનાઓ વધુ છે અને ગત વર્ષે વોલ્વો કાર ઈન્ડિયાના રેકોર્ડ વેચાણ અને સર્વિસથી સ્થાનિક મેનેજમેન્ટમાં હેડક્વાર્ટરનો વિશ્વાસ વધ્યો છે. ભારત પહેલેથી જ શ્રેષ્ઠ ગ્રાહક સેવાઓ પૂરી પાડી રહ્યું છે અને માળખાકીય સુવિધાઓમાં રોકાણ કરવાથી અમે વધુ સારી સેવાઓ પૂરી પાડી શકીશું.''

આ વ્યૂહાત્મક ભાગીદારી અંગે વાત કરતાં ડીએસવી સોલ્યુશન્સ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર કેતન શાહે જણાવ્યું હતું કે, ''વેરહાઉસ સોલ્યુશન્સની સરળ કામગીરીમાં અમારી ક્ષમતાઓ સારી છે અનો વોલ્વો કાર ઈન્ડિયાને અમારી ભાગીદારીથી શ્રેષ્ઠ લાભો થશે તે અમારી ટીમ સુનિશ્ચિત કરશે.''

### 'એન્ટરટેનમેન્ટ કી રાત@૯' પર ધર્મેન્દ્ર જણાવે છે

# મારા ઉછેરના દિવસોમાં, હું દિલિપ કુમારને જોતો



કલર્સ એન્ટરટેનમેન્ટ કી રાત @૯ લિમિટેડ એડિશન પોતાના રમુજી ટાસ્કસ, હોસ્ટસના મસ્તીખોર સેટ અને બી-ટાઉનના સેલેબ્સના શોને શોભાવવા સાથે પોતાની શ્રેષ્ઠ નિખાલસતા સાથે હાસ્યનું હુલ્લડ બનેલ છે.

આવનારા એપિસોડ માં, બોલીવુડના લીજેન્ડ ધર્મેન્દ્ર શોનો હિસ્સો બનવા બાબતે ખૂબ જ ઉત્તેજીત હતાં. એમની સ્ટાઈલિશ હેટ સાથે સરસ લાગતાં બ્લેક અને ગ્રે વેશભૂષામાં એ સોહામણાં દેખાઈ રહ્યાં હતાં. હોસ્ટ સૌમ્યા ટંડન સાથેની નિખાલસ ચર્ચામાં, એમણે કહ્યું, "મારા ઉછેરના દિવસોમાં, હું દિલિપ કુમાર સાહેબ સામે જોતો. હું એમના કરિશ્માથી પૂર્ણપણે અભિભૂત હતો અને મને લાગે છે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એમના જેવું બીજું કોઈ ન હોઈ શકે."

એમણે વધુમાં એમ કહી ઉમેરો કર્યો, "મેં મારી કારકિર્દી ફોટો શૂટ સાથે શરૂ કરી. હું અભ્યાસમાં ભયંકર હતો અને મોડેલિંગ અને અભિનયમાં જવા માંગતો હતો પણ મારા પિતા આની બિલકુલ વિરુદ્ધ હતાં. એ દિવસોમાં, ફિલ્મ ઈન્ડસ્ટ્રીને આદરયુક્ત કારકિર્દી તરીકે નહોતી જોવાતી અને એમણે એના માટે મંજૂરી ન આપી."

જ્યારે પૂછવામાં આવ્યું કે જો તમે અભિનેતા ન હોતતો કયો વ્યવસાય અપનાવત, તો તેમણે કહ્યું, "જો અભિનેતા ન હોત, તો હું ખેલાડી હોત અને ભારત માટે ગોલ્ડ મેડલ લઈ આવત".

વધુ જાણવા માટે, દર શનિવાર અને રવિવારે રાત્રે ૯.૦૦ કલાકે 'એન્ટરટેનમેન્ટ કી રાત@૯ – લિમિટેડ એડિશન સાથે જોડાયેલા રહો ફક્ત કલર્સ પર.

### હાસ્યથી લોટપોટ કરતી ગુજરાતી ફિલ્મ

# 'છુટી જશે છક્કા' ૨૫મી મેના રોજ રિલિઝ થશે

**અમદાવાદ, ૭ મે, ૨૦૧૮:** આપણા દેશમાં લોકો અલગ-અલગ પ્રકારનો સટ્ટો રમે, પરંતુ સૌથી મોટો સટ્ટો કયો? મોટાભાગના લોકો ક્રિકેટ જ જવાબ આપશે. આઈપીએલની સિઝનમાં તદ્દન નવા અને કોમેડી કોન્સેપ્ટ સાથે ડિરેક્ટર દુર્ગેશ તન્ના અને પ્રોડ્યુસર નિશાંત ઠાકેર કોમેડી ગુજરાતી ફિલ્મ 'છુટી જશે છક્કા' લઈને આવી રહ્યાં છે. ૨૫મી મેના ગુજરાતભરના સિનેમાઘરોમાં રિલિઝ થવા માટે સજ્જ કોમેડી ફિલ્મ 'છુટી જશે છક્કા'ની વાર્તા ક્રિકેટ મેચના સટ્ટાની આસપાસ વણાયેલી છે. હંમેશા પોતાની મસ્તીમાં મસ્ત રહેનારા યુવાનો ઝડપથી નાણા કમાવવાની લ્હાયમાં ક્રિકેટના સટ્ટામાં સપડાય છે અને પરિણામે હાસ્યથી લોટપોટ થઈ જવાય તેવી કોમોડી સર્જાય છે. એક સમસ્યાનો હલ કરતા બીજી સમસ્યાને નોતરે છે તેને ફિલ્મમાં સુંદર રીતે આવરી લેવાયું છે. મિત્રોના જોકે, હાસ્યથી લોટપોટ કરતી ફિલ્મના અંતે શું થાય છે તે જોવા માટે પૂરી ફિલ્મ જોવી રહી. થોડાં સમય પહેલાં ફિલ્મનું ટ્રેલર રિલિઝ કરાયું હતું અને મોટી સંખ્યામાં દર્શકોએ તેની પ્રશંસા કરીને ફિલ્મ રિલિઝ થવાની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.

ફિલ્મ અંગે વાત કરતાં ડિરેક્ટર દુર્ગેશ તન્નાએ જણાવ્યું હતું કે, આ ફિલ્મ દ્વારા અમે ખુબજ હળવા અંદાજ અને કોમેડી દ્વારા અર્થસભર સંદેશો આપવાનો પ્રયાસ કર્યો છે તથા દર્શકો નિરાશ ન થાય અને થિયેટર હોલમાં તેઓ હાસ્યથી લોટપોટ થઈ જાય તે બાબતને લક્ષ્યમાં રાખીને અમે ફિલ્મ બનાવી છે. 'છુટી જશે છક્કા' ફિલ્મ ક્રિકેટના સટ્ટા ઉપર આધારિત છે અને તેમાં વિષયવસ્તુની સાથે-સાથે તમામ પાત્રોને સમાન ન્યાય અપાયો છે અને તેમની પ્રતિભા દર્શાવવા પૂરતી તક આપવામાં આવી છે.''

આ ફિલ્મમાં અભિનેત્રી જાનકી એક અલગ અને આકર્ષક અંદાજમાં જોવા મળશે. ફિલ્મનું મોટાભાગનું શુટિંગ અમદાવાદમાં કરવામાં આવ્યું છે. ફિલ્મની વાર્તા દુર્ગેશ તન્નાએ લખી છે. ફિલ્મનું સંગીત કેદાર-ભાર્ગવે આપ્યું છે, જ્યારે કે ગીતો ભાર્ગવ પુરોહિત અને નિરેન ભટ્ટે લખ્યાં છે. ગીતો દિવ્યા કુમાર, ભૂમિ ત્રિવેદી, હર્ષિત ચૌહાણ અને ભાર્ગવ પુરોહિતે ગાયા છે તથા મ્યુઝિકલ લેબલ રેડ રિબન મ્યુઝિક છે.



Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387
RNI NO. GUJGUJ/2012/48123

# ગુજરાતમાં ઓટોમોટિવ ઈકોસિસ્ટમને વેગ આપતા સર્જનોને સન્માનિત કરવા એક્મા વેલ્યુ ચેઈન સમિટનું આયોજન

## ૧૫૦થી વધુ ઓટો કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ ગુજરાત સ્થિત ઓઈએમએસ માટે તેમની પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સ પ્રદર્શિત કરશે



ગાંધીનગર, ૯ મે, ૨૦૧૮: ઓટોમોટિવ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન (એક્મા) ભારતીય ઓટો કમ્પોનન્ટ મેન્યુફેક્ચરીંગ ઈન્ડસ્ટ્રીનું પ્રતિનિધિત્વ કરતી મુખ્ય સંસ્થા છે, જેના દ્વારા ગાંધીનગર ખાતે ગુજરાત સ્થિત ઓઈએમએસ માટે પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સ પ્રદર્શિત કરવા માટે 'એક્મા વેલ્યુ ચેઈન સમિટ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સમિટ, રાજયમાં ઓટોમોટિવ ઈકોસિસ્ટમને વેગ આપવાના હેતુથી ૧૮ અને ૧૯ મે, ૨૦૧૮ દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત ખાતે યોજાશે અને તેનું ઉદઘાટન ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા કરાશે.

હાલના વર્ષોમાં ગુજરાત રાજ્ય અગ્રણી ઓટોમોટિવ મેન્યુફેક્ચરર્સ માટે મહત્ત્વપૂર્ણ રોકાણ સ્થળ બની રહ્યું છે. ગુજરાત સરકારનો હેતુ ઓટોમોટિવ પ્રોડક્શનમાં હાલના ૩.૭ ટકાના યોગદાનમાં વધારો કરીને વર્ષ ૨૦૨૦ સુધીમાં સમગ્રપણે એન્જિનિયરીંગ આઉટપુટ ૧૦ ટકા સુધી વધારવાનો છે. પ્રતિ વર્ષ ૧૦ લાખ વાહનોની સ્થાપિત ક્ષમતા હરિયણા અને તામિલનાડુ જેવા ટોચના કાર ઉત્પાદક રાજ્યો કરતા આગામી ૩-૪ વર્ષમાં આગળ નીકળી જશે એવી અપેક્ષા છે.

ગુજરાત ખાતે દેશમાંથી સફળતાપૂર્વક અગ્રણી વ્હીકલ મેન્યુફેક્ચરર્સમાંથી રોકાણ સફળતાપૂર્વક આકર્ષવામાં આવ્યું છે તેમાં સુઝુકી મોટર કોર્પોરેશન, ફોર્ડ મોટર્સ, ટાટા મોટર્સ, એમજી મોટર્સ, હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર્સ અને હીરો મોટરકોર્પ સામેલ હોવા છતાં રાજયમાં ઓટો કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરીંગ બેઝની હજુ પણ રાહ જોવાઈ રહી છે. 'એક્મા વેલ્યુ ચેઈન સમિટ' દ્વારા એક એવું ફોરમ રચવાનો પ્રસ્તાવ છે કે જેનાથી રાજયમાં ઓટો કમ્પોનન્ટ રોકાણો શક્ય બની શકે. સમિટમા ટીઅર-૧ અને ટીઅર-૨ સપ્લાયર્સથી વ્હીકલ મેન્યુફેક્ચરર્સ સુધી ઈન્વેસ્ટમેન્ટ પુલ સર્જવાની ક્ષમતા દર્શાવશે. આ ઉપરાંત, આ ઈવેન્ટનો હેતુ સરકાર અને ઈન્ડસ્ટ્રી વચ્ચેના સ્થાનિક મુદ્દાઓ જેમકે મેનપાવર ડેવલપમેન્ટ, લેબર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ અંગે ઉકેલ લાવવા ફોરમ બનાવવાનો છે.

એકમાના ડિરેક્ટર જનરલ વિની મહેતાએ આ અંગે કહ્યું હતું, 'અમે ૧૫૦થી વધુ ઓટો કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ, ટીઅર-૧ અને ટીઅર-૨ એમ બંને સપ્લાયર્સને ગુજરાતમાં લાવીને અત્યંત ખુશી અનુભવી રહ્યા છીએ કે જેનાથી રાજયમાં મજબૂત ઓટોમોટિવ ઈકોસિસ્ટમ સર્જી શકાશે. એક્મા વેલ્યુ ચેઈન સમિટનો હેતુ માત્ર ગુજરાતમાં ઓઈએમને સન્માનિત કરીને સહયોગ આપવાનો નથી પણ સાથે ટીઅર-૨ અને ટીઅર-૧ સપ્લાયર્સને જોડીને એવું પ્લેટફોર્મ બનાવવાનો છે કે જેમાં રાજય સરકાર સાથે મળીને સ્થાનિક મુદ્દાઓનો ઉકેલ આવી શકે અને સપોર્ટ સર્વિસ પ્રોવાઈડર્સની શોધ માટે ઓટોમોટિવ ઈન્ડસ્ટ્રીને મદદ કરી શકાય.'

કેટલાક વ્હીકલ ઈન્ડસ્ટ્રીના અગ્રણીઓએ આ સમિટમાં હાજર રહેવા સંમતિ આપી છે તેમાં મારૂતિ સુઝુકીના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ કેનીચી આયુકાવા, ફોર્ડ ઈન્ડિયાના પ્રમુખ અને મેનેજિંગ ડિરેક્ટર અનુરાગ મેહરોત્રા, હોન્ડા મોટર્સ સાઈકલ્સ એન્ડ સ્કૂટર્સના પ્રમુખ અને સીઈઓ મિનોરૂ કાટો અને ટાટા મોટર્સના ચીફ પરચેઝ ઓફિસર થોમસ ફ્લેક સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# ૩X૩ પ્રો બાસ્કેટબોલ લીગની ટ્રાયલ ૧૩ મે, ૨૦૧૮ના રોજ દિલ્હીમાં યોજાશે

## રાષ્ટ્રભરના ટોચના બાસ્કેટબોલ ખેલાડીઓને ૩BLમાં રમવાનો મોકો મળશે

*દિલ્હી, ૮ મે, ૨૦૧૮-ભારતમાં પ્રથમ ફિબા- માન્યતાપ્રાપ્ત બાસ્કેટબોલ લીગની આરંભિક સીઝન માટેના ટ્રાયલ્સ ૧૩ મે, ૨૦૧૮ના રોજ દિલ્હીમાં યોજાશે. ઉત્તરી પ્રદેશના બાસ્કેટબોલના ખેલાડીઓ હિન્નૈહીપોતાની નોંધણી કરાવી શકે અને ચુનંદા ખેલાડીઓને ૩BL દ્વારા ટ્રાયલ્સ માટે બોલાવવામાં આવશે.*

*દુનિયામાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતી શહેરી ટીમ સ્પોર્ટ ૩ઠ૩બાસ્કેટબોલ ટૂંકી ફોર્મેટ હોઈ ૫ઠ૫બાસ્કેટબોલની હાઈ- સ્પીડ આવૃત્તિ છે. તેને ઓલિમ્પિક સ્પોર્ટ દ્વારા માન્યતા આપવામાં આવી છે અને ૨૦૨૦ ટોકિયો ઓલિમ્પિક્સમાં રજૂ કરાશે. ભારતમાં ૩BLની આરંભિક સીઝનમાં ૧૨ ટીમો હશે, જેમાં દિલ્હી હૂપર્સ, ચંડીગઢ બ્લાસ્ટ્સ, જયપુર રીગલ્સ, ઐઝવાલ લીજન્ડ્સ, કોલકતા વોરિયર્સ, અમદાવાદ વિંગર્સ, બેન્ગલોર મચાસ, ગોવા સ્નિપર્સ, કોચી નાઈટ્સ, હૈદરાબાદ બોલર્સ, ચેન્નાઈ આઈકોન્સ અને મુંબઈ હસલર્સનો સમાવેશ થાય છે.*

*૩BLની આરંભિક સીઝનમાં આંતરરાષ્ટ્રીય અને ભારતીય ખેલાડીઓમાં અમજ્યોત સિંગ, પલપ્રીત સિંગ બ્રાર અને આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ ખેલાડીઓમાં બિક્રમજિત ગિલ, ઈન્દરબીર સિંગ ગિલ, લિયાન્ડ્રો લિમા વગેરેનો સમાવેશ થાય છે. મેચ ૯ જૂન, ૨૦૧૮થી ૨૬ ઓગસ્ટ, ૨૦૧૮ સુધી દિલ્હી, મુંબી, કોલકતા, બેન્ગલોર, ચેન્નાઈ અને ઐઝવાલમાં છ રાઉન્ડ્સમાં રમાશે. સ્પર્ધાના વિજેતાઓને ફિબા વર્લ્ડ ટુર(સ઼ી) ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કરવાનો મોકો મળશે.*

*ભારતમાં પહેલી વાર ફિબા- માન્યતાપ્રાપ્ત બાસ્કેટબોલ લીગ માટે ટ્રાયલ્સનું આયોજન કરવાનો આ અવસર અમારે માટે અત્યંત ગૌરવજનક અને રોમાંચક છે. ૩ઠ૩પ્રો બાસ્કેટબોલ લીગ યુવા ભારતીય બાસ્કેટબોલ ખેલાડીઓને તેમની પ્રતિભા બતાવવા અને ચમકવા માટે મંચ છે, એમ ૩BLના લીગ કમિશનર રોહિત બક્ષીએ જણાવ્યું હતું. આ વર્ષે સ્પર્ધાનું મહત્ત્વ વધુ છે, કારણ કે વિજેતા ૩મ્ન ટીમને પહેલી વાર ફિબા ૩X૩વર્લ્ડ ટુર ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કરવાનો મોકો મળશે. અમે બાસ્કેટબોલના ખેલાડીઓ અને ચાહકોને આ રોમાંચક પ્રવાસમાં અમારી સાથે જોડાવા માટે વિનંતી કરીએ છીએ.*

*ટ્રાયલ્સ ૧૩ મે, ૨૦૧૮ના રોજ સવારે ૮ વાગ્યાથી નવી દિલ્હીમાં સિરી ફોર્ટ સ્ટેડિયમ બાસ્કેટબોલ કોર્ટમાં યોજાશે.*

*એથ્લેટ્સ માટે નોંધણી ફોર્મ:* http://3x3bl.com/open-try-outs/




**રજવાડું ખાતે ફાલ્ગુની પાઠક ના ગરબા ની રમઝટ**

**અમદાવાદ:સ્વરોત્સવ ખાતે ફાલ્ગુની પાઠકે 'ઈંધણા વીણવા ગઈ તી મોરી સહીયાર' અનેઓલ ટાઈમ ફેવરિટ મેને પાયલ હૈ છનકાઈ' જેવા ગીતોઅનેજગદંબા ના ગરબા ની પ્રસ્તુતિ સાથે ગરબા ની રમઝટબોલાવીહતી. અને પ્રથમ સેશન મા તુષારશુક્લ ના સંચાલન માં સંજય ઓઝા,સૌમિલ મુન્શી,માલવ દિવેટિયા,નયનેશ જાની, વિરાજ-બીજલ ઉપાધ્યાય,કલ્યાણી કૌથાળકર, નયન પંચોલીએ ગુજરાતી સગમ સંગીત નાં ગીતો ની પ્રસ્તુતિકરીહતી.**

### વિશ્વની હજુ સુધીની સૌથી મોટી પૈકીની ઇ-કોમર્સ સમજૂતિ થઇ

# ફ્લિપકાર્ટે વોલમાર્ટને ૭૭ ટકા હિસ્સેદારી આખરે વેચી દીધી

## વોલમાર્ટ અને ફ્લિપકાર્ટના ટોચના અધિકારીઓની બેંગ્લોરમાં ટાઉનહોલ મિટિંગ યોજાઈ : ફ્લિપકાર્ટના શેર ખરીદી લેવા મહત્વની સમજૂતિ થઇ ગઇ

એજન્સી દ્વારા નવીદિલ્હી,તા. ૯

દેશની સૌથી મોટી ઇ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટ આજે અમેરિકાની મહાકાય કંપની વોલમાર્ટના હાથે વેચાઈ ગઈ હતી. કોર્પોરેટ જગતમાં સૌથી મોટી સમજૂતિ તરીકે આને ગણવામાં આવે છે. આ સમજૂતિ ઉપર છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી. ભારતની સૌથી મોટી ઇ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટ ૧૬ અબજ ડોલરમાં વોલમાર્ટને ૭૭ ટકા હિસ્સેદારી વેચવા માટે સંમત થઇ ગઇ હતી. ફ્લિપકાર્ટ અને વોલમાર્ટના ટોપ અધિકારીઓની આજે બેંગ્લોરમાં ટાઉનહોલ મિટિંગ યોજાઈ હતી જેમાં વોલમાર્ટે ફ્લિપકાર્ટના ૭૦ ટકા શેરને ખરીદવાનો નિર્ણય કરી લીધો હતો. ઇ-કોમર્સ કંપનીમાં તેની પકડને વધારે મજબૂત કરવાના હેતુસર ફ્લિપકાર્ટના ફ્રેશ સિક્યુરિટી તરીકે ૨-૩ અબજ ડોલર અથવા તો ૧૩૦૦૦ કરોડ રૂપિયા ઠાલવવાની યોજના ધરાવે છે. સોફ્ટ બેંકના સીઈઓ માસાયોસી સન દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. આ મિટિંગમાં વોલમાર્ટના સીઈઓ ડગ મેકમિલન સહિત બંને કંપનીઓના ટોપ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આશરે આશરે ૧૩ ખર્વ રૂપિયા મૂલ્યની ફ્લિપકાર્ટ અને દુનિયાની સૌથી મોટી રિટેલ ચેઈન વોલમાર્ટ વચ્ચે થયેલી આ સમજૂતિ ભારતની સૌથી મોટી અધિગ્રહણ સમજૂતિ પૈકીની એક છે. આ ડિલ બાદ ફ્લિપકાર્ટના બે સ્થાપકમાં એક બિલ્લી બંસલના નેતૃત્વમાં સંચાલિત રહેશે જ્યારે બીજા સ્થાપક સચિન બંસલ કંપનીમાં પોતાની ૫.૫ ટકાની હિસ્સેદારી વેચીને બહાર થવાનો નિર્ણય કરી ચુક્યા છે. ફ્લિપકાર્ટના શરૂઆતી રોકાણકારોમાં રહી ચુકેલા ટાઇગર ગ્લોબલ અને એસ્સેલ પાર્ટનરની પણ ટેસેંટની સાથે પોતાની નાનકડી હિસ્સેદારી યથાવત રહેશે. ફ્લિપકાર્ટના ૨૦ ટકા શેર ધરાવનાર જાપાની સોફ્ટ બેંક પણ વોલમાર્ટને પોતાના શેર વેચીને કંપનીમાંથી નિકળી જશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ન્યુયોર્કના હેઝફંડ ટાઇગર ગ્લોબલ અને અમેરિકાની પ્રાઇવેટ ઇક્વિટી કંપની એસ્સેલ પાર્ટનર્સ પણ પોતાની હિસ્સેદારી વેચા દેશે. ચીનની ટેસેંટ હોલ્ડિંગ વોલમાર્ટની માલિકીની ફ્લિપકાર્ટમાં યથાવતરીતે રહેશે. ઇ-રિટેલરમાં સૌથી મોટા રોકાણકાર સોફ્ટ બેંકે કહ્યું છે કે, વોલમાર્ટ-ફ્લિપકાર્ટ સમજૂતિ મંગળવારે રાત્રે કરવામાં આવી હતી જ્યારે ભારતીય સમજુતિ આજે બપોરે થઇ હતી. તમામ લોકો જાણે છે કે, હરીફ કંપની એમેઝોને પણ ફ્લિપકાર્ટમાં હિસ્સેદારી મેળવવા માટે તૈયારી દર્શાવી હતી પરંતુ ભારતીય ઓનલાઈન રિટેલરે વોલમાર્ટ દ્વારા કરવામાં આવેલી ઓફર પર તૈયારી દર્શાવી હતી. આ સમજૂતિને વિશ્વની સૌથી મોટી ઇ-કોમર્સ સમજૂતિ તરીકે ગણવામાં આવે છે. આની સાથે જ એમેઝોન સાથે વોલમાર્ટની સ્પર્ધા વધુ તીવ્ર બનશે. એમેઝોન દ્વારા ભારતમાં ૨૬૦૦ કરોડ રૂપિયા ઠાલવવાની જાહેરાત પહેલાથી જ કરી દીધી છે. આની સાથે જ રકમનો આંકડો ૧૦૭૫૦ કરોડનો થઇ ગયો છે.

### પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા

# ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું આજે પરિણામ જાહેર કરાશે

એજન્સી દ્વારા

ગાંધીનગર,તા. ૮

જેની ઉત્સુકતાપૂર્વક વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ રાહ જોઈ રહ્યા હતા તે ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના ભાગરુપે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આવતીકાલે ૧૦મી મેના દિવસે જાહેર કરવામાં આવશે. ૧૨ વિજ્ઞાન પ્રવાહની સાથે ગુજકેટનું પરિણામ પણ જાહેર કરવામાં આવનાર છે. આ જ પ્રકારે ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૫૬ ઝોનના ૧૪૦ કેન્દ્રોમાં ૧૪૦ શાળા બિલ્ડીંગમાં ૬૮૮૦ બ્લોકમાં વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયા બાદ માર્કશીટ, પ્રમાણપત્ર તથા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટની માર્કશીટનું વિતરણ જિલ્લા વિતરણ સ્થળ પર સવારે ૧૧ વાગ્યાથી ચાર વાગ્યા સુધી કરવામાં આવશે. રાજ્યની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યને આ અંગે પહેલાથી જ જાણ કરી દેવામાં આવી છે. પોતાની શાળાની માર્કશીટ પ્રમાણપત્ર રજૂ કરીને મેળવી લેવાની રહેશે. ગુજરાત બોર્ડ સિવાયના અન્ય ઉમેદવારોની ગુજકેટની માર્કશીટ ટપાલ દ્વારા મોકલવામાં આવશે. વિજ્ઞાન પ્રવાહ તથા ગુજકેટનું પરિણામ પરિણામ ૧૦મી મેના દિવસે જાહેર કરવામાં આવનાર છે. સવારે ૯ વાગે બોર્ડની વેબસાઈટ ઉપર મુકી દેવામાં આવશે. શિક્ષણ વિભાગ અને ગુજરાત બોર્ડના સુત્રોનું કહેવું છે કે, સામાન્ય પ્રવાહનું પરિણામ પણ ૧૫થી ૨૦મી મેની વચ્ચે જાહેર થઇ શકે છે. ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ ૨૮થી ૩૧મી મેની વચ્ચે જાહેર થવાની શક્યતા છે. જો કે, ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના પરિણામની તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. વિજ્ઞાન પ્રવાહના પરિણામની તારીખ જાહેર કરવામાં આવી ચુકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષા ૧૨મી માર્ચથી શરૂ થઇ હતી. ૧૨મી માર્ચથી શરૂ થયેલી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓમાં કુલ મળી ૧૭,૧૪,૯૭૯ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાં ધોરણ-૧૦ના કુલ ૧૧,૦૩,૬૭૪ વિદ્યાર્થીઓ, ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના ૧૩,૦૪,૬૭૧ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૪,૭૬,૬૩૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ધોરણ-૧૦ની પરીક્ષા માટે ૭૯ ઝોનના કુલ ૯૦૮ કેન્દ્ર નક્કી કરવામાં આવ્યા હતા, જેમાં ૩૩૬૧ શાળા સંકુલમાં કુલ ૩૭,૭૦૦ બ્લોક નક્કી કરવામાં આવ્યા હતા, જ્યાં વિદ્યાર્થીઓએ પોતાની બેઠક વ્યવસ્થા મુજબ પરીક્ષા આપી હતી. આ જ પ્રકારે ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૫૬ ઝોનના ૧૪૦ કેન્દ્રોમાં ૧૪૦ શાળા બિલ્ડીંગમાં ૬૮૮૦ બ્લોકમાં વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. આવી જ રીતે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પણ ૫૬ ઝોનમાં ૫૦૦ કેન્દ્રો ખાતે ૧૫૨૫ બિલ્ડીંગમાં ૧૫,૭૫૭ બ્લોકમાં વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. અત્રે નોંધનીય છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી માર્ચ મહિનામાં ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. હજુ સુધી પરિણામને લઇને અટકળોનો દોર ચાલી રહ્યો હતો. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૦મી મેના દિવસે જાહેર કરવામાં આવનાર છે ત્યારે સામાન્ય પ્રવાહનું પરિણામ પણ ટૂંકમાં જ જાહેર કરવામાં આવી શકે છે. બીજી બાજુધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ પણ મે મહિનામાં જ જાહેર થવાની શક્યતા છે. મોટાભાગની ઉત્તરવહીઓની ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થઇ ચુકી છે.

### બાપુનગરમાં મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ ભરતી મેળો

# ૧૫૦૦થી પણ વધુ યુવાનોને એપ્રેન્ટીસશીપ હેઠળ મુકાયા

## બેરાજગાર યુવાનો માટે કારકિર્દી બનાવવા એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના એક તક : ઉદ્યોગ કમિશનર મમતા વર્મા



સંવાદદાતાદ્વારા

અમદાવાદ,તા. ૯

શહેરના બાપુનગર વિસ્તારમાં શ્રી ડી.એન.પટેલ પોલીટેકનીક એજ્યુકેશન ટ્રસ્ટ અને હરદાસબાપુ પટેલ સમાજકલ્યાણ ટ્રસ્ટના ઉપક્રમે અમદાવાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના હેઠળ ખાસ એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન રાજયના ઉદ્યોગ કમિશનર મમતાબહેન વર્મા(આઈએએસ), ઠક્કરબાપાનગરના ધારાસભ્ય વલ્લભ કાકડિયા, ડી.એન.પટેલ પોલીટેકનીક સંસ્થાના પ્રિન્સીપાલ અને ચેરમેન દિપક ચૌહાણ, રોજગાર અને તાલીમ વિભાગના નાયબ નિયામક વિજય વર્ગીસ સહિતના મહાનુભાવોએ કર્યું હતું. આ પ્રસંગે રાજયના ઉદ્યોગ કમિશનર મમતાબહેન વર્માએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા યુવાનોને રોજગારી અને તાલીમ માટે એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના અમલી બનાવી છે, જે બેરોજગાર યુવાનોને તેમની કારકિર્દી બનાવવા માટે જીવનમાં સોનેરી તક સમાન છે. જે પ્રકારે ગુજરાતનો અને ભારતનો વિકાસ થઇ રહ્યો છે તે જોતાં યુવાનો માટે હવે વિવિધ ક્ષેત્રોમાં નોકરી અને રોજગારની બહુ વિપુલ તકો રહેલી છે. બસ યુવાનોએ તેમનામાં રહેલી ક્ષમતાઓ ઓળખીને પોતાના આત્મવિશ્વાસને જગાવવાની જરૂર છે. તેમણે યુવાનોને ખાસ સંદેશો આપતાં ઉમેર્યું કે, તમે નોકરી કે તાલીમમાં જે કંઇ પણ શીખો કે કાર્ય કરો તે પૂરા દિલથી અને ધગશથી કરો, તેના થકી એક દિવસમાં તમે સફળતાના શિખરો સર કરી શકશો. ઉદ્યોગ કમિશનર મમતાબહેન વર્મા(આઈએએસ)એ જણાવ્યું હતું કે, સરકારની આ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ૨૨ જેટલા ભરતી મેળા યોજાયા છે, રાજયભરમાં જુદા જુદા સ્થળોએ આ મેળાનું આયોજન ચાલુ જ છે અને ભવિષ્યમાં વધુ મેળા પણ યોજાવાના છે. અમદાવાદ જિલ્લામાં આ યોજના હેઠળ અત્યારસુધીમાં ૧૫૦૦થી ૨૦૦૦ જેટલા યુવાનોને એપ્રેન્ટીસશીપમાં લગાડી દેવામાં આવ્યા છે. આ પ્રસંગે રોજગાર અને તાલીમ વિભાગ, અમદાવાદના નાયબ નિયામક વિજય વર્ગીસે જણાવ્યું હતું કે, કોઇપણ કામ નાનું હોતું નથી. કારકિર્દીની શરૂઆત હંમેશા નાના કાર્યથી જ શરૂ થતી હોય છે, તેનાથી ગભરાવાની કે સંકોચ રાખવાની જરૂર નથી. કોઇપણ કામ કરવામાં શરમ કે સંકોચ ના અનુભવો. આજના તમે યુવાનો દેશનું ભવિષ્ય છો અને તમારામાં અખૂટ શકિત અને ક્ષમતાઓ પડેલી છે, તેને ઓળખો. આજના આધુનિક અને વિકાસશીલ જમાનામાં ભણતરની સાથે સાથે કૌશલ્યની અને તાલીમની પણ એટલી જ અનિવાર્યતા છે. કૌશલ્ય કે તાલીમ પામેલ યુવાન કયારેય બેરોજગાર નહી હોય. તમે એવું વિચારશો કે, આ કામ નાનું છે અને તેમાં પૈસા નથી તો, તમારી પ્રગતિ ત્યારે જ રૂંધાઇ જશે પરંતુ એ કામ શીખતા શીખતા જીવનમાં તમે આગળ વધશો તો તમારી કારકિર્દી ઘડાવાની સાથે સાથે તમે એક દિવસ સફળતાના શિખરે પહોંચી જશો. દરમ્યાન સ્થાનિક ધારાસભ્ય વલ્લભ કાકડિયાએ પણ આજના ઝડપી વિકસતા યુગમાં તાલીમ અને કૌશલ્યની ભારે ડિમાન્ડ હોવાથી સરકારની આ એપ્રેન્ટીસશીપ યોજનાનો મહત્તમ લાભ લેવા યુવાનોને અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, યુવક-યુવતીઓ માટે સરકારની આ યોજના એક આશીર્વાદ સમાન છે કે જેનાથી તેઓ પોતાની કારકિર્દી બનાવી શકે છે. ડી.એન.પટેલ પોલીટેકનીક સંસ્થાના પ્રિન્સીપાલ અને ચેરમેન દિપકભાઇ ચૌહાણ દ્વારા એપ્રેન્ટીસશીપ ભરતી મેળામાં ઉપસ્થિત ૫૦૦થી વધુ યુવક-યુવતીઓને સરકારની યોજનાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, સોશ્યલ ફુટપ્રિંટ-નેશનલ સીએસઆર એવોર્ડ અને સમિત-૨૦૧૮ના ઉપક્રમે તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલા સમારોહમાં ડી.એન.પટેલ પોલીટેકનીક એજ્યુકેશનલ ટ્રસ્ટને ૨૦૧૮નો વોકેશનલ ટ્રેનીંગનો એવોર્ડ મળ્યો હતો. આ પ્રસંગે સોશ્યલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટના કેન્દ્રીયમંત્રી ક્રિશ્નન પાલ ગજ્જરના હસ્તે ડી.એન.પટેલ પોલીટેકનીકના પ્રિન્સીપાલ દિપકભાઇ ચૌહાણ અને તેમની પત્નીને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આજના મેળા દરમ્યાન જીએનએફસી, નીમ ફર્ટિલાઇઝર સહિતના ઉદ્યોગએકમોના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

### નિફ્ટી ૨૪ પોઈન્ટ ઉછળી ૧૦૭૪૨ની સપાટીએ

# શેરબજારમાં તેજી : સેંસેક્સ ૧૦૩ પોઈન્ટ ઉછળીને બંધ

## ટીસીએસ અને એચસીએલ ટેકનોલોજીના શેરમાં ઉછાળો રહેતા નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં તેજી : કારોબારી ખુશ

એજન્સી દ્વારા

મુંબઇ,તા. ૯

શેરબજારમાં આજે તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૦૩ પોઈન્ટ ઉછળીને ૩૫૩૧૯ની સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટી ૨૪ પોઇન્ટ ઉછળીને ૧૦૭૪૨ની ઉંચી સપાટીએ રહ્યો હતો. ઓઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા દબાણ અનુભવ કરવામાં આવી રહ્યો છે. ઈરાન ઉપર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ તેની સીધી અસર ગ્લોબલ ક્રૂડ ઓઇલની કિંમતો ઉપર થશે. આજે એચપીસીએલ અને બીપીસીએલમાં ૦.૬ ટકા અને ૧.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. જો કે, આઈઓસીમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ઉછાળો નોંધાયો હતો. તાતા કન્સલ્ટન્સીના શેરમાં ઉછાળો નોંધાયો હતો. ક્રૂડની કિંમતોમાં આજે સાડા ત્રણ વર્ષની ઉંચી સપાટી જોવા મળી હતી. એશિયન બજારમાં અમેરિકાના ઈરાન પર પ્રતિબંધની અસર જોવા મળી હતી. ઈરાન સાથે સમજૂતિ કરીને આગળ વધી રહેલી ઘણી કંપનીઓને આની માઠી અસર થશે. ટ્રમ્પની આ હિલચાલને ઈરાન અને અમેરિકા વચ્ચે પહેલાથી જ તંગ રહેલા સંબંધોને જવાબદાર ગણવામાં આવશે. એશિયન શેરબજારમાં મંદીની અસર રહી હતી પરંતુ ભારતીય શેર બજારમાં તેની કોઇ અસર જોવા મળી ન હતી. નિફ્ટીમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. માર્ચ ૨૦૧૮ ત્રિમાસિક ગાળાના કમાણીના આંકડા હવે જારી કરવામાં આવી રહ્યા છે. અદાણી એન્ટરપ્રાઇઝ, એશિયન પેઇન્ટ્સ, નેસ્લે ઇન્ડિયા, તાતા કોમ્યુનિકેશન, ટાઇટન કંપની, યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, ઝી એન્ટરટેઇનમેન્ટના પરિણામ ગુરુવારના દિવસે જારી કરવામાં આવનાર છે. આવી જ રીતે જીલેટ ઈન્ડિયા, તાતા ગ્લોબલના ત્રિમાસિક ગાળાના આંકડા શુક્રવારના દિવસે જારી કરવામાં આવશે. ૧૨મી મેના દિવસે કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. જ્યારે પરિણામ ૧૫મી મેના દિવસે જારી કરવામાં આવનાર છે. શુક્રવારના દિવસે માર્ચ મહિના માટેના ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનના આંકડા જારી કરવામાં આવનાર છે. ફેબ્રુઆરી મહિનામાં આ આંકડો ૭.૧ ટકા રહ્યો હતો. આ ઉપરાંત સરકાર એપ્રિલ મહિના માટે સીપીઆઈ આધારિત ફુગાવાના આંકડા પણ જારી કરશે. માર્ચ મહિનામાં રિટેલ ફુગાવાનો આંકડો ૪.૨૮ ટકા રહ્યો હતો. આની સાથે જ સતત ત્રીજા મહિનામાં ૧૭ મહિનાની ઉંચી સપાટીએ રિટેલ ફુગાવો રહ્યો હતો. બેંક ઓફ ઈંગ્લેન્ડની બેઠક ૧૦મી મેના દિવસે યોજાઈ રહી છે. નિષ્ણાતોના કહેવા મુજબ બેંક ઓફ ઈંગ્લેન્ડ વ્યાજદરને લઇને સાવધાનીથી આગળ વધી શકે છે.

શેરબજારમાં ગઇકાલે મંગળવારના દિવસ કારોબારના અંતે સેંસેક્સ ૮ પોઇન્ટ ઉછળીને ૩૫૨૧૬ની સપાટીએ રહ્યો હતો. જ્યારે બ્રોડર નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં ૨ પોઇન્ટનો ઉછાળો નોંધાતા તેની સપાટી ૧૦૭૧૮ નોંધાઈ હતી.

# દર વર્ષે ગુજરાતમાં સરેરાશ ૧૨૦ વિદ્યાર્થીઓની આત્મહત્યા

## ગુજરાતમાં શરૂ થયેલા ઉનાળુ વેકેશન બાદ આગામી ૧૧ જુનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે

સંવાદદાતાદ્વારા
અમદાવાદ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચ-૨૦૧૮માં લેવાયેલી પરીક્ષાની સાથે ગુજસેટની પરીક્ષાનું પરિણામ ૧૦ મેના રોજ જાહેર કરવામાં આવનાર છે. ત્યારે સંતાનોને ટોપર્સમાં જોવાની વાલીઓની ઘેલછા, ધાર્યું પરિણામ ન મળવાના ડરના કારણે છેલ્લા પાંચ વર્ષમાં દર વર્ષે સરેરાશ ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ અતિશય માનસિક દબાણના કારણે અકાળે પોતાની જીવનલીલા સંકેલી આત્મહત્યા કરી લે છે.ગુજરાતમાં શરૂ થયેલા ઉનાળુ વેકેશન બાદ આગામી ૧૧ જુનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે.. તે પહેલા ધોરણ ૧૨ સાયન્સ અને ગુજસેટનું પરિણામ ૧૦ મેના રોજ જાહેર કરવામાં આવશે. આ સાથે જ વાલીઓની



પોતાના બાળકોને ડોકટર, એન્જિનયર કે કોઈપણ રીતે શ્રેષ્ઠ બનાવવાની માતા-પિતાની ઘેલછા સાથેની દોડધામ શરૂ થઈ જશે. તેમાં મનપસંદ કેરિયરથી લઈ ગમતી કોલેજમાં પ્રવેશ મળશે નહીં મળે ત્યાં સુધી માઁ-બાપ તન, મન અને ધનથી દોડતા જ રહેશે.

આ ઉપરાંત દરેક વાલી પોતાનું બાળક ધોરણ ૧૦ અથવા ૧૨માં આવતા જ તેને ટોપર્સમાં જોવા માટે ભણવાનું દબાણ આપવા માંડે છે. બાળકોની મનોસ્થિતિ બાળપણથી જ ખરાબ કરતી માતાપિતાની આવી પ્રકૃતિમાં વૅકેશનમાં પણ બાળકોને કૉચિંગ ક્લાસીસમાં ધકેલવાને કારણે બાળકો અતિશય માનસિક દબાણ હેઠળ જીવતાં હોય છે. મોંઘીદાટ સ્કુલથી લઇ ખર્ચાળ કલાસ, ટ્યૂશન અને અન્ય રેફરન્સ મટિરિયલથી બાળકો ઉપર ભણવાનું દબાણ વધતા તે પોતાની ઈચ્છાથી ખુલ્લા મને પોતાનો શોખ પણ પુરો કરી શકતા નથી કે તે દિશામાં અભ્યાસ પણ કરી શકતો નથી. બીજી તરફ શાળા કે ટ્યૂશન ક્લાસીસમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ વચ્ચે કરવામાં આવતી સરખામણીના કારણે વિદ્યાર્થીઓમાં માનસિક તન વધી જાય છે. પરિણામે આડા રસ્તે જવા સાથે ઘણીવાર કોઈ રસ્તો જ નહીં મળતા શોર્ટકટમાં ઘણા વિદ્યાર્થીઓ પોતાની જીવનલીલા સંકેલી આત્મહત્યા કરી લેતા હોય છે.ગુજરાત રાજ્યમાં છેલ્લા પાંચ-છ વર્ષમાં ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આપઘાત કર્યા છે. તેમાં વર્ષ ૨૦૧૫માં ૧૫૧, ૨૦૧૪માં ૧૦૫, ૨૦૧૩માં ૧૧૭, ૨૦૧૨માં ૧૩૭, ૨૦૧૧ અને ૨૦૧૦માં ૧૦૦-૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. ત્યારે વાલીઓએ એટલું સમજી લેવાની જરૂર છે કે, ટોપર્સના દબાણથી બાળક સ્પર્ધમાં તો આગળ રહે છે, પણ ક્યાંય એવું પણ ના બને કે, બાળક આપણી પાસે જ ના રહે.

### રાજ્યના કોઈપણ વિસ્તારમાં થયેલ અકસ્માતમાં ઈજા પામેલને

# પ્રથમ ૪૮ કલાક સુધી વિનામૂલ્યે સારવાર પુરી પડાશે : નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ

પત્રકાર દ્વારા ,ગાંધીનગર,તા.૯

નાયબ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં વધતી જતી વાહનોની સંખ્યાને પરિણામે અકસ્માતોની સંખ્યા વધી રહી છે. ગુજરાતમાં અંદાજે સરેરાશ દર વર્ષે ૨૯,૩૦૯ રોડ અકસ્માત થાય છે. જેમાં દર વર્ષે સરેરાશ ૬,૪૮૩ લોકો મૃત્યુ પામે છે. આવા અકસ્માતોમાં ઈજા પામનાર કે મૃત્યુ પામનાર કે કાયમી અપંગ થયેલ વ્યક્તિ અને તેમના પરિવારજનોને ઘણી મોટી તકલીફ અને દુઃખ સહન કરવુ પડતુ હોય છે. અનુભવે જણાયુ છે કે માર્ગ અકસ્માતમાં ઈજા પામેલ વ્યક્તિઓને જો તાત્કાલિક, સમયસર, યોગ્ય સારવાર પ્રાપ્ત થાય તો તેવા વ્યક્તિઓના જીવન બચાવી શકાય છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે નિર્ણય કર્યો છે કે, ગુજરાતની હદમાં થયેલ અકસ્માત પછીના ૪૮ કલાક દરમ્યાન દર્દીઓને રૂ.૫૦,૦૦૦ સુધીની તાત્કાલિક સારવાર વિનામૂલ્યે અપાશે. જેમાં ગુજરાત, ગુજરાત બહારના કે અન્ય રાષ્ટ્રના કોઇપણ નાગરિક હોય, પરંતુ અકસ્માત ગુજરાતના કોઇપણ છેડે થયો હોય તો પણ, નજીકના સ્થળે દર્દીને રાજ્યની તમામ સરકારી કે ખાનગી હોસ્પિટલોમાં નિઃશુલ્ક સારવાર પુરી પડાશે.

તેમણે ઉમેર્યુ કે, અકસ્માતના પ્રથમ કલાક (ગોલ્ડન અવર) માં ઈજાગ્રસ્તોને ઈમરજન્સી મેડીકલ સારવાર તાત્કાલિક મળી રહે તો ૫૦ % દર્દીઓનું અમૂલ્ય જીવન બચાવી શકાય છે.અકસ્માત દરમ્યાન કોઈપણ વ્યક્તિ વહેલામાં વહેલી તકે યોગ્ય સારવાર પ્રાપ્ત કરાવા માટે અકસ્માતના સ્થળથી સૌથી વધુ નજીક



આવેલ ઉચ્ચ પ્રકારની સારવાર-સુવિધા અને ડોક્ટર ધરાવતી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવે તો વ્યક્તિઓને બચાવી શકાય છે. અકસ્માત દરમ્યાન ઈજાગ્રસ્ત લોકો ઝડપથી કોઇપણ ખાનગી સહિતની કોઇપણ હોસ્પિટલમાં સારવાર લેશે તો પ્રથમ ૪૮ કલાક દરમ્યાન ઈજાગ્રસ્તનું ડ્રેસીંગ, સ્ટેબીલાઈઝેશન, ફ્રેક્ચર સ્ટેબીલાઈઝેશન, શોકની પરિસ્થિતિની સારવાર, એક્સ-રે ઈજાના ઓપરેશનો, સીટી સ્કેન, એમ.આર.આઇ., અલ્ટ્રા સાઉન્ડ, બ્લડ ટ્રાન્સફ્યુઝન, માથાની ઈજાની સારવાર અને ઓપરેશન, ઘનિષ્ઠ સારવાર એકમમાં સારવાર (ૅઝે), પેટ અને પેઢુની ઈજાઓ જેવી તમામ પ્રકારની સારવાર માટેનો તમામ ખર્ચ જે તે હોસ્પિટલોને સીધે-સીધો રાજ્ય સરકાર દ્વારા ચુકવાશે. જેથી કોઇ ગરીબ કે મધ્યમ વર્ગનો ઈજાગ્રસ્ત દર્દી સારવારના અભાવે જીવન ન ગુમાવે તેવો મહત્વનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે. તેમણે ઉમેર્યુ કે, અકસ્માતનો ભોગ બનનાર દર્દીને નજીકની કોઇપણ ખાનગી હોસ્પિટલ, જિલ્લા-તાલુકા હોસ્પિટલો, મેડીકલ કોલેજ-હોસ્પિટલો અથવા કોઇપણ અન્ય જાહેર કે ખાનગી હોસ્પિટલોમાં આ સેવાઓ પુરી પડાશે. અસરગ્રસ્ત દર્દીઓએ પ્રાથમિક સારવાર પેટે કોઇ નાણા ચુકવવાના રહેશે નહી ખાનગી હોસ્પિટલોએ પ્રથમ ૪૮ કલાકની સારવાર પેટે દર્દી પાસેથી કોઇ નાણા લેવાના રહેશે નહી. ખાનગી હોસ્પિટલોએ કરેલ સારવાર અંગેના ખર્ચનું બીલ સંબંધિત જિલ્લાના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી/તબીબી અધિક્ષકને રજુ કરવાનું રહેશે તેમજ ખાનગી હોસ્પિટલને બીલની ખરેખર રકમ અથવા રૂ. ૫૦,૦૦૦/- બંનેમાંથી જે રકમ ઓછી હશે તે મળવાપાત્ર થશે. તેમણે ઉમેર્યુ કે, આ યોજનાનું સંપૂર્ણ મોનીટરીંગ રાજ્યકક્ષાએથી કરાશે. જે માટે રાજ્ય સરકારે ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ.૩૦ કરોડની ફાળવણી પણ કરી છે. રાજ્ય સરકારના આ નવતર અભિગમને કારણે અકસ્માત સમયે ત્વરીત સારવાર મળતાં અનેક નાગરિકોના જીવ બચાવી શકાશે.

### વિજય રૂપાણીની હાજરીમાં એમઓયુ

# પોલેન્ડ ખાતે ઉજવણીમાં ગુજરાત વિભાગ જોડાશે

એજન્સી દ્વારા
અમદાવાદ,તા.૯

ગુજરાતનો રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ આગામી ઓક્ટોબર-૨૦૧૮માં પોલેન્ડની સ્વતંત્રતાના ૧૦૦ વર્ષની શતાબ્દી ઉજવણીના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સહ આયોજક તરીકે જોડાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં આ અંગેના એમઓયુ યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃતિ સચિવ વી પી પટેલ અને પોલેન્ડના ભારતસ્થિત રાજદુત અડમ બુરાકોવસ્કી વચ્ચે સંપન્ન થયા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણી સમક્ષ પોલેન્ડના ભારત સ્થિત રાજદુત એડમ બુરાકોવસ્કીએ તેમની તાજેતરની મુલાકાત દરમિયાન આ માટે પ્રદર્શિત કરેલી ઈચ્છાનો સકારાત્મક પ્રતિસાદ આપતાં મુખ્યમંત્રીએ વિભાગને સહ આયોજક તરીકે જોડાવા પોલેન્ડ સાથે સમજુતિ કરાર કરવાની અનૂમતિ આપી હતી. અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે, બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન એક હજારથી વધુ અનાથ બાળકો અને મહિલાઓ એવા પોલિશ નિરાશ્રીતોને નવાનગરના મહારાજા દિગ્વીજયસિંહ જામ સાહેબે બાલાછડી ખાતે તેમના મહેલમાં આશ્રય આપેલો અને તેમનું રક્ષણ કર્યું હતું. આ સંબંધોને સાંસ્કૃતિક, ઐતિહાસિક વારસાના પરિપ્રેક્ષ્યમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રૂપે પોલેન્ડની સ્વતંત્રતાની શતાબ્દી અવસેર દિલ્હી અને વિશ્વના અન્ય ભાગોમાં ઊજાગર કરવામાં આવશે. જનરેશન ટૂ જનરેશનના વિષયવસ્તુ સાથે આ સાંસ્કૃતિક પ્રસ્તુતિ કરાશે. ગુજરાતનો રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ આ સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન તેમજ પ્રચાર-પ્રસાર માટે પોલેન્ડને સહયોગ કરશે. આ એમઓયુ વેળાએ મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાસનાથન, સચિવ અશ્વિનીકુમાર તેમજ વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

### સૌથી વધારે ગરમીનો અનુભવ અમરેલીમાં થયો

# ગુજરાતમાં પારો ૪૧થી ૪૩ વચ્ચે રહી શકે છે : હવામાન

## અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયું છતાં રસ્તા સુમસામ : મહત્તમ તાપમાનમાં નહીંવત ફેરફારો

પત્રકાર દ્વારા
અમદાવાદ, તા.૯

ગુજરાતમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરીવાર ફરી વળ્યું છે. આજે અમરેલીમાં પારો ૪૩ ઉપર પહોંચી ગયો હતો. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઇ મોટા ફેરફાર થશે નહીં. તાપમાન ૪૧થી ૪૩ની રેંજમાં રહી શકે છે. બીજી બાજુ વધતી ગરમી વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા પાણીજન્ય રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં નવા કેસ નોંધાઈ રહ્યા છે. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ઝાડા ઉલ્ટીના ૧૭૩ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના પાંચ જ દિવસમાં ૩૯ અને ટાઇફોઇડના ૫૫ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના પાંચ જ દિવસના ગાળામાં ૭૧ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં મે મહિનામાં ૧૧૦૦ કેસ સાદા મેલેરિયાના નોંધાયા હતા. આ મહિનામાં ઝેરી મેલેરિયાના ત્રણ કેસો સપાટી ઉપર આવ્યા છે. દેશના કેટલાક ભાગોમાં હાલ વાવાઝોડા અને વરસાદનું સંકટ તોળાઈ રહ્યું છે ત્યારે ગુજરાતમાં ગરમી તીવ્ર બની છે. તાપમાનમાં નજીવા ફેરફારની સ્થિતિ સાથે આજે સૌથી વધારે ગરમીનો અનુભવ અમરેલીમાં થયો હતો જ્યાં પારો ૪૩ સુધી પહોંચ્યો હતો. અમદાવાદમાં આજે ૪૧ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા પાણીજન્ય રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં નવા કેસ નોંધાઈ રહ્યા છે. હાલમાં વધતા તાપમાની વચ્ચે પાણીથી ફેલાતી બિમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન આવતીકાલે ૪૨ ડિગ્રી રહી શકે છે. તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવાની જરૂરિયાત દેખાઈ રહી છે. દેશમાં હાલ વાતાવરણમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળે છે. હવામાન વિભાગ તરફથી વધુ તાપમાન માટેની કોઇ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ લોકો ગરમીથી બચવા બિનજરૂરી બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. બિનજરૂરી રીતે ગરમાંથી બહાર ન નીકળવા લોકોને તંત્ર દ્વારા સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઇને કોઇ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે.

# વટવામાં ટેમ્પા ચાલકે માતા-પુત્રીને કચડ્યા : પુત્રીનું મૃત્યુ

એજન્સી દ્વારા,
અમદાવાદ,તા.૯

અમદાવાદ શહેરમાં હિટ એન્ડ રન ના કિસ્સાઓ ખૂબ જ વધી ગયા છે તેમાય ખાસ કરીને અમદાવાદ શહેરમાં પ્રવેશતા માર્ગ સાથે જોડાયેલા છેવાડાના વિસ્તારોમાં રાત્રિ દરમિયાન અવારનવાર ગમખ્વાર અકસ્માતો સર્જાય છે ગઈકાલે મોડી રાત્રે શહેરના વટવામાં એક ચોંકાવનારો બનાવ બન્યો હતો જેમાં દારૂ પીધેલી હાલતમાં એક ટેમ્પા ચાલકે ફુટપાથ ઉપર માસુમ પુત્રીને લઈને બેઠેલી માતાને ટકકર મારતા બંને ઉછળીને રસ્તા પર પટકાયા હતા જેમાં બે વર્ષની બાળકીનું ઘટના સ્થળ પર જ મોત નીપજયું હતું જયારે માતા ને ઈજા થતાં તેને સારવાર આપવામાં આવી હતી. અકસ્માત સર્જાયા બાદ ટેમ્પો ઝાડ સાથે ટકરાયો હતો અને ધડાકો થતાં એકત્ર થયેલા લોકોએ નશામાં ધૂત અકસ્માત સર્જનાર ટેમ્પા ચાલકને ઝડપી લઈ ઢોરમાર માર્યો હતો. દરમિયાનમાં ઘટનાની જાણ થતાં ટ્રાફિક પોલીસના અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા અનેચાલકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.આજે સવારે ચાલક ભાનમાં આવતા તેને પોતાનું નામ પરેશ ઠાકોર હોવાનું અને વડોદરાનો રહેવાસી હોવાનું કબુલ્યું છે. પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે લઈ ગયા હતા અને સંપૂર્ણ માહિતી એકત્ર કરી ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે.

આ અંગેની વિગત એવી છે કે વટવા વિસ્તારમાં રીંગરોડ નજીક આવેલા શક્તિ ગાર્ડીયન ફલેટ પાસે ફુટપાથ પર ઝુંપડા બાંધીને કેટલાક પરિવારો રહે છે જેમાંથી એક મહિલા ગઈકાલે રાત્રે ગરમીમાંથી રાહત મેળવવા પોતાની ૨ વર્ષની પુત્રી રમીલાને લઈને ઝુંપડાની બહાર ફુટપાથ પર બેઠી હતી. માતા અને પુત્રી ગરમીમાંથી રાહત મેળવતા હતા તે દરમિયાન અચાનક જ એક ટેમ્પો ચાલક પુરઝડપે આવ્યો હતો અને તેણે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ફુટપાથ પર બેઠેલી માતા પુત્રીને જોરદાર ટક્કર મારી હતી ટેમ્પાની ટક્કર વાગતાં માતા અને પુત્રી બંને ઉછળીને રસ્તા પર પટકાયા હતાં માતાના હાથમાંથી પુત્રી ઉછળીને રસ્તા પર પટકાતા તેના પર ટેમ્પાનું વ્હીલ ફરી વળ્યું હતું જેના પરિણામે ૨ વર્ષની બાળકી રમીલાનું ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળ પર જ મોત નીપજયું હતું જયારે માતાને ઈજાઓ પહોંચી હતી. બીજીબાજુ ટેમ્પો નજીકમાં જ આવેલા ઝાડ સાથે ટકરાતા અટકી ગયો હતો. ધડાકો થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તેઓ સ્થળ પરનું દ્રશ્ય જોઈ હેબતાઈ ગયા હતાં લોકોના ટોળાને જોઈ ટેમ્પા ચાલકે ભાગવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ નશામાં ધુત હોવાથી તે લથડીયા ખાતો હતો જેના પરિણામે એકત્ર થયેલા ટોળાએ ટેમ્પો ચાલકને ઝડપી લીધો હતો અને ઢોરમાર માર્યો હતો.

આ દરમિયાનમાં એકત્ર થયેલા લોકોએ આ અંગેની જાણ પોલીસને કરતા જ ટ્રાફિક વિભાગના જે ડીવીઝનના અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતાં ઈજાગ્રસ્ત માતા ને સારવાર આપવામાં આવી હતી અને બાળકીના મૃતદેહનો પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીઓએ નશાખોર ટેમ્પો ચાલકની ધરપકડ કરી હતી વહેલી સવારે નશો ઉતરતા જ પોલીસ અધિકારીઓ તેને લઈને ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને સમગ્ર ઘટનાની વિગતો મેળવી હતી. પોલીસે આ અંગે ટેમ્પા ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### કોંગ્રેસ રચનાત્મક કામોનો હંમેશા વિરોધ કરે છે

# સુજલામ સુફલામ અભિયાનને જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે

## બોરીબંધ વિશે વાહિયાત નિવેદન આપતા વિપક્ષના નેતાએ પોતાનું જ્ઞાન ચકાસી જ લેવું જોઈએ : ભાજપના આક્ષેપો

એજન્સી દ્વારા
અમદાવાદ,તા.૯

આજ રોજ પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષઓ આઈ કે જાડેજા અને ગોરધન ઝડફીયાએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં વિપક્ષના નેતાના પાયાવિહોણા આક્ષેપોને પડકારતાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નીતિન પટેલના નેતૃત્વવાળી સરકાર દ્વારા લોક ભાગીદારીથી રાજ્યના તમામ જીલ્લાઓમાં તળાવો ઉંડા કરવા, ચેક ડેમોના ડીશીલ્ટીંગ, નહેરની સફાઈ, નદીઓને પુનર્જિવીત કરવાના સુજલામ સુફલામ જળ અભિયાન યોજના હેઠળ ૧૭,૦૦૦ જેટલા જળ સંચયના કામોનું તા. ૧ મે થી ૩૧ મે સુધીનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેનાથી અંદાજે ૧૧,૦૦૦ લાખ ઘન ફુટ વરસાદી પાણીનો જળ સંગ્રહ થવાનો છે. જાડેજાએ જણાવ્યું હતું કે, માનવતાના કાર્યમાં સમાજસેવી સંસ્થાઓ, ઉદ્યોગગૃહો, વ્યક્તિગત દાતાઓ, સરકારી સંસ્થાઓનો જે રીતે સહયોગ મળી રહ્યો છે તેનાથી ડઘાઈ જઈને કોંગ્રેસના વિરોધપક્ષના નેતા અને કોંગ્રેસ આ રચનાત્મક કાર્યનો નકામો વિરોધ કરી રહી છે. પરેશ ધાનાણી બોરીબંધના મુદ્દે રાજીનામુ આપવા તૈયાર થયા છે તે હાસ્યાસ્પદ છે. ઝડફીયાએ જણાવ્યું હતું કે, વિરોધપક્ષના નેતાને ખબર હોવી જોઈએ કે બોરીબંધ જે જળ સંચયના કાર્યક્રમ માટે હાથ ધરાયેલ કાર્યક્રમ છેક વર્ષ ૨૦૦૫માં શરૂ કર્યો હતો. સામાન્ય બુદ્ધિની વાત છે કે, બોરીબંધ એ હંગામી ધોરણે ચોમાસામાં નદી-નાળા અને વોંકળામાં વહી જતા પાણીને રોકવાનું કાર્ય છે. જે ઓછા ખર્ચે કરીને પાણી રોકવાનો જળ સ્તરમાં લાભ થાય તે માટે હતા. બોરીબંધ વિશે વાહીયાત નિવેદન આપતા પહેલા વિપક્ષના નેતાઓ પોતાનું સામાનવ્ય જ્ઞાન ચકાસી લેવું જોઈએ. જાણે કે સિમેન્ટ કોંક્રીંગના બંધ હોય તેમ ભાજપને પડકાર ફેંકતા પહેલા કોંગ્રેસે બોરીબંધ અને સ્થાયી બંધના તફાવતને સમજી લેવાની જરૂર છે. જળ સંચયના ભાજપના આ રચનાત્મક કાર્યને જયારે પ્રજાએ સ્વિકાર્યું હોય ત્યારે તેમાં મદદ ન કરે તો કંઈ નહીં પરંતુ લોકહિતના આ જળ અભિયાનમાં કોંગ્રેસ અવરોધરૂપ ન બને તેમ જણાવ્યું હતું. જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના સમયમાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં લોકોને પીવાના પાણી માટે પાંચ-પાંચ કિ.મી ભટકવું પડતું હતું, તે પરેશ ધાનાણી અને કોંગ્રેસને શું ખબર નથી. કોંગ્રેસના રાજમાં ૪૫૦૦ ગામડામાં પીવાના પાણીના ટેન્કર અને તેમાં થયેલો ભ્રષ્ટાચાર શું કોંગ્રેસ ભૂલી ગઈ હશે, પરંતુ રાજ્યની પ્રજા આજે પણ ભૂલી નથી. ઝડફીયાએ વધુમાં જણાવ્યું હતું કે, જળ સંચયના કામોમાં ૧.૫ લાખ પાકા ચેકડેમો તથા નદીઓ પરના ચેકડેમો બનાવીને ભાજપાની સરકારોએ રેકર્ડ સ્થાપેલ છે. કોંગ્રેસે આ રાજ્યની જીવાદોરી નર્મદાના ડેમના દરવાજા ૮ વર્ષ સુધી ન ચડાવવા દીધા અને ખેડુતોને પાણીથી વંચિત રાખ્યા તે બદલ રાજ્યની પ્રજાની માફી માંગવી જોઈએ.

### રાજયના ડીજીપી શિવાનંદ ઝાનો મહત્વનો આદેશ

# કિરિટ જોષી હત્યા કેસ : તપાસ અમદાવાદ ક્રાઈમબ્રાંચને મળી

પત્રકાર દ્વારા
અમદાવાદ,તા. ૯

થોડા દિવસો પહેલાં જામનગરમાં જાણીતા એડવોકેટ કીરીટ જોષીની જાહેરમાં છરીના ઘા ઝીંકી કરાયેલી કરપીણ હત્યાના ચકચારભર્યા કેસમાં હજુ સુધી ગુનો ડિટેક્ટ નહી થઇ શકતાં તેમ જ આરોપીઓ વિશે કોઇ નક્કર પુરાવાઓ હાથ નહી લાગતાં રાજ્યના પોલીસ મહાનિર્દેશક(ડીજીપી) શિવાનંદ ઝાએ સમગ્ર કેસની તપાસ અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચને સોંપવાનો નિર્ણય જાહેર કર્યો છે. ડીજીપીએ કરેલા આદેશને પગલે હવે એડવોકેટ કીરીટ જોષીની હત્યાના કેસના સમગ્ર મામલાની તપાસનો દોર શહેર ક્રાઇમબ્રાંચે સંભાળી લીધો છે. સ્થાનિક પોલીસ આ કેસમાં કોઇ અસરકારક કે પરિણામલક્ષી કામગીરી નહી બજાવી શકતાં રાજ્યના ડીજીપી દ્વારા આ નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળી રહ્યુંછે. જામનગરના જાણીતા વકીલ કીરીટ જોષી ગત તા.૨૯-૪-૨૦૧૮ના રોજ પોતાની ઓફિસેથી નીચે ઉતરી જઇ રહ્યા હતા ત્યારે બાઇક પર આવેલા અજાણ્યા શખ્સોએ જાહેરમાં ટ્રાફિકની અવરજવર અને લોકોની હાજરી વચ્ચે કીરીટ જોષીને પકડીને તેમને પેટમાં અને છાતીના ભાગે ચપ્પા-છરી વડે ઉપરાઉપરી ઘા ઝીંકી રહેંસી નંખાયા હતા. જેના કારણે કીરીટભાઇ જોષી લોહીલુહાણ હાલતમાં રોડ પર જ ફસડાઇ પડયા હતા, તેમની હત્યા બાદ હત્યારાઓ ત્યાંથી ફરાર થઇ ગયા હતા. બીજીબાજુ, કીરીટ જોષીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયા પરંતુ ત્યાં સુધીમાં તો બહુ મોડુ થઇ ગયું હતુ અને ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગંભીર અને જીવલેણ હુમલામાં એડવોકેટ કીરીટ જોષીને ૨૦થી વધુ ઘા મરાયા હોવાની વાત સામે આવી હતી અને ગંભીર ઈજાના કારણે જ તેઓ મોતને ભેટયા હતા. કીરીટ જોષીની હત્યાને પગલે સમગ્ર રાજયના વકીલઆલમમાં અને ખાસ કરીને બ્રહ્મસમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઇ ગઇ હતી.




ગુજરાતમાં તબીબી શિક્ષણ સુવિધામાં વધારો

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ
ગુજરાતમાં એમ.બી.બી.એસ.ની નવી ૩૭૦ બેઠકોને આપી મંજૂરી

વડોદરા, સુરત અને જામનગર સરકારી મેડિકલ કોલેજ અને પાલનપુરની સ્વનિર્ભર મેડિકલ કોલેજને નવી બેઠકોનો મળશે લાભ

ગુજરાતમાં અત્યાર સુધી એમ.બી.બી.એસ.ની ૩,૮૩૦ બેઠકો હતી, જે વધીને હવે ૪,૨૦૦ બેઠકો થયેલ છે

ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓનું ગુજરાતમાં જ મેડિકલ શિક્ષણનું સ્વપ્ન સાકાર કરવા બદલ
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો ખૂબ ખૂબ આભાર

શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત